નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper



રાજકોટમાં ડેન્ગ્યુ, મેલેરિયા ને વાઈરલ ઇન્ફેક્શનના કેસ વધ્યા; સિવીલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો

જુઓ પેજ નં.૦૯

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :27 JULY 2024 | SATURDAY | Page :16 | Year : 2 | Issue :104 | Price: 2/-

## કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી લદ્દાખના કારગિલ પહોંચ્યા છે. તેમણે ૧૯૯૯ના યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી



# આતંકના આકાઓને મારો અવાજ સીધો પહોંચી રહ્યો છે, તેમના ઈરાદાઓ ક્યારેય પૂરા થશે નહીં: મોદી

કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી લદ્દાખના કારગિલ પહોંચ્યા છે. તેમણે ૧૯૯૯ના યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી, પાકિસ્તાનને ચેતવણી આપતા તેમણે કહ્યું - હું જ્યાં ઉભો છું ત્યાંથી મારો અવાજ આતંકવાદના આકાઓ સુધી પહોંચી રહ્યો છે.

હું તેમને કહેવા માગુ છું કે તેમની આતંકવાદી યોજનાઓ ક્યારેય સફળ નહીં થાય. ભૂતકાળમાં પાકિસ્તાને ગમે તેટલા પ્રયાસો કર્યા, તેમણે હારનો સામનો કરવો પડ્યો. પરંતુ તેમણે તેમના ઈતિહાસમાંથી કંઈ શીખ્યું નથી. તે આતંકવાદની મદદથી પ્રોક્સી વોરની મદદથી પોતાને સંબંધિત રાખવાનો પ્રયાસ કરી રહ્યો છે.

દેશના લોકોના આશીર્વાદથી જ તેઓએ મને ત્રીજી તક આપી, જે આપણે આ દિવસે ઉજવી રહ્યા છીએ. જો તે પક્ષ આવતો તો આ દિવસ ક્યારેય ઉજવાતો નહીં

કારગિલની જીત કોઈ સરકાર કે પક્ષની જીત નહોતી. આ દેશની જીત હતી, આ દેશની ધરોહર છે. આ દેશના ગૌરવ અને સ્વાભિમાનનો તહેવાર છે.

હું ૧૪૦ કરોડ દેશવાસીઓ વતી નમન કરું છું. હું દરેકને કારગિલ વિજયના ૨૫ વર્ષ પૂરા થવાની શુભેચ્છા પાઠવું છું.

મોદીએ કહ્યું- આ એ જ લોકો છે જેમણે વન રેન્ક વન પેન્શનનું સપનું બતાવ્યું, સૈનિકોને બુલેટ પ્રૂફ જેકેટ નથી આપ્યા.

આ એ જ લોકો છે જેમણે ૫૦૦ કરોડ રૂપિયા બતાવીને વન રેન્ક વન પેન્શનનું સપનું બતાવ્યું હતું. ક્યાં ૫૦૦ કરોડ રૂપિયા અને ૧.૨૫ લાખ કરોડ રૂપિયા ક્યાં છે આટલા જૂઠ્ઠાણા..આ એ જ લોકો છે જેમણે આઝાદીના ૭૦ વર્ષ પછી પણ સેનાની માંગણી છતાં આપણા શહીદોનું યુદ્ધ સ્મારક નથી બનાવ્યું. તેને મુલતવી રાખ્યું. નકશા બનાવતા રહ્યા. સમિતિઓની માત્ર રચના કરતા રહ્યા.

આ એ જ લોકો છે જેમણે સરહદ પર તૈનાત જવાનોને બુલેટ પ્રૂફ જેકેટ આપ્યા નહોતા. દેશના લોકોના આશીર્વાદથી જ તેઓએ મને ત્રીજી વખત તક આપી, જે આપણે આ દિવસે ઉજવી રહ્યા છીએ. જો તે આવ્યા હોત તો અમે આ દિવસ ઉજવ્યો ન હોત.હું આવા લોકોને પૂછવા માગુ છું કે શું આજે જે વ્યક્તિની ભરતી થઈ છે તેમણે આજે જ પેન્શન ચૂકવવું પડશે? જ્યારે પેન્શન 30 વર્ષ પછી આપવું પડશે ત્યારે મોદી ૧૦૫ વર્ષના થશે. પછી મોદી સરકાર હશે? પરંતુ મારા માટે દેશ સર્વોપરી છે, પક્ષ નહીં.હું ગર્વ સાથે કહેવા માગુ છું કે મેં સેનાના નિર્ણયોનું સન્માન કર્યું છે. મેં અગાઉ પણ કહ્યું હતું કે અમે રાજનીતિ માટે નહીં પણ રાષ્ટ્રીય નીતિ માટે કામ કરીએ છીએ. અમારા માટે ૧૪૦ કરોડ રૂપિયાની શાંતિ અને સુરક્ષા પ્રથમ આવે છે. દેશના યુવાનોને ગેરમાર્ગે દોરનારાઓનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે તેઓને સૈનિકોની પરવા નથી.

કમનસીબે કેટલાક લોકોએ આવા સંવેદનશીલ વિષયને રાજકારણનો વિષય બનાવી દીધો છે. સેનાના આ સુધારા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. આ એ જ લોકો છે જે ઈચ્છતા હતા કે સેનાને ક્યારેય આધુનિક ફાઈટર પ્લેન ન મળે.

સત્ય એ છે કે અગ્નિપથ યોજના દેશની તાકાત વધારશે. સક્ષમ યુવાનો પણ દેશ સેવા માટે આગળ આવશે. ખાનગી ક્ષેત્રમાં પણ ફાયર વોરિયર્સને પ્રાથમિકતા આપવામાં આવી હતી.

# પેરિસમાં ઐતિહાસિક નૌકા પરેડ સાથે ઓલિમ્પિકનું ઉદઘાટન

## ૧૦૦થી વધુ બોટ દ્વારા ૨૦૬ દેશના ખેલાડીઓની ૬ કિલોમિટરના જળમાર્ગ પર પરેડ



પેરિસઃ પેરિસમાં ઓલિમ્પિક રમતોત્સવને અભૂતપૂર્વ અને ઓલિમ્પિકના ઇતિહાસમાં અનોખી રીતે યોજાયેલ ઉદ્ઘાટન સમારંભ દ્વારા ખુલ્લો મુકાયો હતો. અત્યાર સુધીની તમામ સમર કે વિન્ટર ઓલિમ્પિકનો ઉદઘાટન સમારંભ સ્ટેડિયમમાં થતો હોય છે પણ પેરિસ ઇતિહાસનું પ્રથમ એવું યજમાન બન્યું કે જ્યાં ઉદઘાટન સમારંભ પેરિસની સંસ્કૃતિની હાર્દ મનાતી સીન નદીના વહેણમાં બોટ સાથેની પરેડ દ્વારા યોજાયો હતો. ઉદ્ઘાટનનું આ જ આકર્ષણ હતું.

સીન નદીના ૬ કિલોમીટર વહેણમાં વારાફરતી બોટ પસાર થતી હતી અને તે બોટમાં આલ્ફાબેટ પ્રમાણે જે તે દેશની ટીમ અને ઓફિસિયલને સ્થાન અપાયું હતું. તેઓ ૬ કિલોમીટર જળમાર્ગ પુરો કરે ત્યારે ૪૫ મિનિટ જેટલો સમય લાગતો હતો.આ સમગ્ર જળમાર્ગની બહાર નદી કિનારે (રીવરફ્રન્ટ) સ્ટેડિયમની જેમ જુદા જુદા બ્લોકમાં પ્રેક્ષકો માટે બેઠક વ્યવસ્થા હતી અને આવા ત્રણેક લાખ પ્રેક્ષકો સાથે પાસ્ટની ટીમનું અભિવાદન ઝીલતા હતા.

વિશ્વના ૨૦૬ દેશોના ખેલાડીઓને પરેડ કરાવવા ૬ કિલોમીટર જળમાર્ગમાં ૧૦૦ બોટનો બે રાઉન્ડથી વધુ થયા હતા. શબ્દથી વર્ણવી ન શકાય અને ''જોઈએ તો જ માની શકાય'' તે કહેવત જેવો ચકાચૌંધ કરી મુકતો નજારો હતો. કેમકે ઉદ્ઘાટનના પ્રારંભના બે કલાક સૂર્યપ્રકાશ હતો અને તે પછીના બે કલાક સૂર્યાસ્ત અને તે પછી અંધકારમાં રોશનીનો ઝગમગાટ સર્જતો સમય હતો.

સીન નદી પરથી બોટ પસાર થાય અને ત્યાંનો ઝગમગાટ તો બીજી તરફ રીવરફ્રન્ટ પરની પ્રેક્ષકદીર્ધામાં પણ લાઈટિંગ નયનરમ્ય હતું. આ સમગ્ર છ કિલોમીટર વિસ્તારમાં જગવિખ્યાત લુવ્ર મ્યુઝિયમ, નોટ્રે ડામે ચર્ચ અને એફીલ ટાવર સહિત ઐતિહાસિક સ્મારકો અને સ્થાપત્યો આવેલા છે. આ તમામ પર અલગ અલગ રોશની હતી. બોટની સવારીની શરૂઆત ઓસ્ટેર્લિત્ઝ બ્રીજથી શરૂ થઈ હતી અને તે ઉપરોક્ત સ્મારકો પાસેથી પસાર થતી. કેટલાંક અન્ડરબ્રિજ અને ગેટવેઝ પણ જળમાર્ગમાં આવતા હતા. પોન્ટ ડેસ આર્ટ અને પોસ્ટ નેઉફ જેવા લેન્ડમાર્જ પણ આવરી લેવામાં આવ્યા હતા.

સ્વાભાવિક છે કે તમામ પ્રેક્ષકોને સંતોષકારક રીતે પરેડ અને રંગારંગ કાર્યક્રમ જોઈ શકે આ માટે ૮૦ જેટલાં જાયન્ટ સ્ક્રીન શહેરમાં અને રીવરફ્રન્ટ પર રખાયા હતા. ફ્રાંસની સંસ્કૃતિ અને ઇતિહાસની થીમ મુખ્ય હોય તેમ આઇટમ અને પ્રસ્તુતિ જોતા લાગે. અયાના ગ્રાન્ડે, લેડી ગાગા, સેલીન ડીઓન અને અયા નાકામુરાનું પર્ફોરમન્સ મુખ્ય આકર્ષણ હતું. ફ્રાંસની જાણીતી અભિનેત્રી લેટિટિયા કાસ્ટા અને જર્નાલિસ્ટ મોહમદ બોઉહાફરતીએ ટોર્ચ રીલે સાથે ઉદ્ઘાટનમાં માન મેળવ્યું હતું.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# સંગઠનમાં સર્જરીની તૈયારી



ભાજપ નેતૃત્વ પોતાની સંગઠનાત્મક ચૂંટણીની સાથે કેટલાક રાજ્યોના સંગઠનમાં પણ મોટાપચે ફેરફાર કરવાની તૈયારીમાં છે. તેમાં ઉત્તર પ્રદેશનો પણ સમાવેશ થાય છે, જ્યાં લોકસભા ચૂંટણીના પરિણામો બાદ પાર્ટીની અંદર અનેક મતભેદો સામે આવ્યા. આ દરમિયાન ભાજપ નેતૃત્વએ તમામ રાજ્યોના સંગઠન મંત્રીઓ સાથે ચર્ચા કરી હતી. હવે મુખ્યમંત્રી પરિષદની બેઠકમાં પણ તેની ચર્ચા થશે. ત્યારબાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છજ્જ) સાથે સંકલન બેઠક આ દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.

ભાજપની સંગઠનાત્મક ચૂંટણીની પ્રક્રિયા સદસ્યતા અભિયાન સાથે શરૂ થવા જઈ રહી છે. પરંતુ મહારાષ્ટ્ર, ઝારખંડ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં સંગઠનાત્મક ચૂંટણીની પ્રક્રિયા શરૂ નહીં થાય. આ રાજ્યોમાં પાર્ટીનું સમગ્ર ધ્યાન આગામી વિધાનસભા ચૂંટણી પર રહેશે. બાકીના રાજ્યોમાં પાર્ટી નવા સભ્યપદ અભિયાન સાથે સંગઠનનું પુનર્ગઠન કરશે. જેમાં મંડળ, જિલ્લા અને પ્રદેશ પ્રમુખોની ચૂંટણીનો સમાવેશ થાય છે. આ પછી રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પણ યોજાવાની છે. જો કે આ પહેલા પણ પાર્ટી ઘણા રાજ્યોના નેતૃત્વમાં ફેરફાર કરી શકે છે. તેમાં ઉત્તર પ્રદેશનો પણ સમાવેશ થાય છે.

અહીં લોકસભાના પરિણામો બાદ પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીએ પોતે નૈતિક ધોરણે રાજીનામું આપવાની ઓફર કરી છે. આ સિવાય રાજ્યના મોટા નેતાઓમાં સતત ઉગ્ર દલીલોની સ્થિતિ પણ જોવા મળી રહી છે. ભાજપના નેતૃત્વએ ગુરુવારે રાત્રે બિહાર અને રાજસ્થાનમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર કેટલાક અન્ય રાજ્યોમાં પણ નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક થઈ શકે છે.

ખાસ કરીને એવા રાજ્યોમાં જ્યાં પાર્ટીએ ભવિષ્યમાં સંગઠનની દૃષ્ટિએ પોતાની તૈયારીઓ સુધારવાની છે. જો કે, આ નિમણૂકોની પાર્ટીની સંગઠનાત્મક ચૂંટણી પર કોઈ અસર પડશે નહીં. સંગઠનની ચૂંટણીમાં આ રાજ્યોમાં નવા પ્રમુખો ફરી ચૂંટાઈ શકે છે. આમાંથી કેટલાક રાજ્યોમાં નવા પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે. ફક્ત તે જ જાળવી શકાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૩૧ જુલાઈથી ત્રણ દિવસ માટે કેરળમાં યોજાનારી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથેની સંકલન બેઠક બાદ રાષ્ટ્રીય સ્તરે પાર્ટીમાં કેટલાક ફેરફારોની શક્યતા છે. હાલમાં પાર્ટી વર્તમાન અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાના નેતૃત્વમાં કામ કરી રહી છે. પરંતુ, પાર્ટીનો એક વર્ગ કાર્યકારી અધ્યક્ષની નિમણૂકની સતત માંગ કરી રહ્યો છે. હવે સંઘ સાથેની સંકલન બેઠક બાદ જ નક્કી થશે કે પાર્ટી આગામી સંગઠનાત્મક ચૂંટણીઓ પૂરી થાય ત્યાં સુધી કાર્યકારી અધ્યક્ષની નિમણૂક કરે છે કે ત્યાં સુધી નડ્ડાના નેતૃત્વમાં આગળ વધવાનું ચાલુ રાખે છે.ભાજપની સંગઠનાત્મક ચૂંટણીની પ્રક્રિયા સદસ્યતા અભિયાન સાથે શરૂ થવા જઈ રહી છે. પરંતુ મહારાષ્ટ્ર, ઝારખંડ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં સંગઠનાત્મક ચૂંટણીની પ્રક્રિયા શરૂ નહીં થાય.

# ઉત્તર પ્રદેશમાં નેમપ્લેટ પર રોક યથાવત સરકારે સુપ્રિમ કોર્ટમાં સોગંદનામુ રજુ કર્યું



નવી દિલ્હી, તા.૨૬

કાંવડયાત્રા દરમ્યાન ખાનપાનના વેપારીઓને પોત પોતાની દુકાનો પર નેમપ્લેટ લગાડવાના યોગી સરકારના આદેશ પર સુપ્રિમ કોર્ટે સ્ટે મુક્યો છે. આજે સુનાવણી દરમ્યાન અદાલતે એવી ચોખવટ કરી હતી જે જે વેપારીઓ સ્વૈચ્છાએ નામ લખવા માંગે તેને છુટ્ટ રહેશે.ઉત્તર પ્રદેશમાં ખાનપાનની દુકાનો પર નેમપ્લેટ મુકવાના આદેશ પરનો સ્ટે સુપ્રિમ કોર્ટે યથાવત જ રાખ્યો હતો. આજની સુનાવણી દરમ્યાન ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા સોગંદનામુ રજુ કરવામાં આવ્યા પછી પણ સ્ટે યથાવત રાખવામાં આવ્યો હતો.

સરકારે સોગંદનામામાં પોતાના આદેશનો બચાવ કરતા કહ્યું કે, કાંવડયાત્રા શાંતિપૂર્ણ રહે અને પારદર્શિતા જાળવવા માટે દુકાનો પર નેમપ્લેટનો આદેશ આપવામાં આવ્યો હતો.કાંવડયાત્રાઓ ખાદ્યચીજો વિશે માહિતગાર થઇ શકે અને તેઓની ધાર્મિક ભાવનાને ધ્યાને રાખીને આ આદેશ કરવામાં આવ્યો હતો. આસ્થાથી વિપરીત ભોજન ન લ્યે તે માટેનો આ નિર્ણય હતો. સરકાર વેપાર-ધંધા પર કોઇ પ્રતિબંધ મુક્યો હતો. ધંધાર્થીઓ વેપાર કરવા સ્વતંત્ર જ હતા. દુકાન માલિકોના નામ અને ઓળખ પ્રદર્શિત થવાથી પારદર્શિતા આવી શકે તેમ હતી. કાંવડયાત્રીઓ તરફથી જ ફરિયાદો મળ્યા બાદ આ પગલું લેવાયું હતું.

# કરદાતાને આઈટી રિટર્ન ભરવામાં કોઈની જરૂર નહિં રહે નવો કાનૂન સરળ બનશે

નવી દિલ્હી,તા.૨૬ઃ કેન્દ્ર સરકાર નવો આવકવેરા કાનૂન લાવી રહી છે.તેને કરદાતાઓ માટે ખૂબ જ સરળ, સરળતાથી સમજાય તેવી ભાષા અને સરળ ઉપયોગની દ્રષ્ટિએ તૈયાર કરવામાં આવશે. આનો ફાયદો એ થશે કે કરદાતા કોઈ વિશેષજ્ઞની મદદ વિના કર વિવાદ સાથે સંકળાયેલા મામલાને સમજી શકશે. સાથે સાથે કોઈની મદદ વિના આવકવેરા રિટર્ન ભરવુ સરળ થઈ જશે. સીબીડીટી ચેરમેન રવિ અગ્રવાલે જણાવ્યું હતું કે નવો કાયદો ૬ મહિનામાં આવી જશે. અમારો પ્રયાસ છે કે અમે તેને સરળ બનાવી શકીએ જેને ભાષાની દ્રષ્ટિએ સમજવામાં સરળ હોય, રજુઆતની દ્રષ્ટિએ પણ સરળ હોય જેથી કરદાતા સ્વયં તેની જોગવાઈને જોઈને સહજતા અનુભવે અને તે વધુ અનુકુળ રહે.

## ૫૮ દેશોમાં વીઝા–ફ્રી! વિશ્વમાં સૌથી પાવરફૂલ પાસપોર્ટ સિંગાપોરનો!

# ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ ૮૨મો !




નવીદિલ્હી.તા.૨૭

ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ ૮૨મા ક્રમે છે. પહેલા કરતાં ભારતનો પાસપોર્ટ વધુ સ્ટ્રોન્ગ થઈ રહ્યો છે. ભારતીયો હવે ૫૮ દેશોમાં વીઝા-ફ્રી એન્ટ્રી મેળવી શકે છે. યુનાઈટેડ કિંગ્ડમની કંપની હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ દ્વારા એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે, જેમાં ઈન્ડિયાનો ક્રમ ૮૨મો છે. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ અસોસિએશનના ડેટા દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

દુનિયાનો સૌથી પાવરફુલ પાસપોર્ટ સિંગાપોરનો છે. સિંગાપોરનો પાસપોર્ટ જેની પાસે હોય એ દુનિયાના ૨૨૭ દેશમાંથી ૧૯૫ દેશમાં વીઝા-ફ્રી જઈ શકે છે. ફ્રાન્સ, જર્મની, ઈટલી, જપાન અને સ્પેન બીજા ક્રમે છે અને આ દેશના લોકો ૧૯૨ દેશમાં વીઝા-ફ્રી જઈ શકે છે.

ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, આયરલેન્ડ, લકઝમ્બર્ગ, નેધરલેન્ડ્સ, સાઉથ કોરિયા અને સ્વીડન ત્રીજા ક્રમે છે અને આ દેશના લોકો ૧૯૧ દેશમાં વીઝા-ફ્રી જઈ શકે છે. યુનાઈટેડ કિંગડમ, બેલ્જિયમ, ડેન્માર્ક, ન્યુ ઝીલેન્ડ, નોર્વે અને સ્વિટ્ઝરલેન્ડ ચોથા ક્રમે છે અને એ દેશના લોકો ૧૯૦ દેશમાં વીઝા-ફ્રી જઈ શકે છે.

આ લિસ્ટમાં અમેરિકા આઠમા ક્રમે છે. અમેરિકાના લોકો ૧૮૬ દેશમાં વીઝા-ફ્રી જઈ શકે છે. આ રિપોર્ટના ટોપ ટેન લિસ્ટમાં પહેલી વાર યુનાઈટેડ આરબ એમિરેટ્સની એન્ટ્રી થઈ છે અને એ દસમા ક્રમે છે. આ દેશના લોકો ૧૮૫ દેશમાં વીઝા-ફ્રી જઈ શકે છે.

# રસ્તા, ગટર, ગંદકી, ખાડા સહિતની સમસ્યા અંગે મેયરને કોંગ્રેસની રજૂઆત

## ભગીરથ સોસાયટીમાં કચરાના ગંજ મનપા અને પોલીસ વચ્ચે સંકલનનો અભાવ બજારોમાંથી વાહનો ટોઈંગ કરતા લોકોને હાલાકી






તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ,તા.૨૭

રાજકોટ મહાનગરપાલિકાના મેયર દ્વારા શહેરના તમામ વોર્ડમાં યોજાઈ રહેલા મેયરના લોક દરબારમાં આજરોજ વોર્ડ નંબર ૫ ના મેયરના દરબારમાં રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન મેઘજીભાઈ રાઠોડ દ્વારા કહેવાતા સ્માર્ટ સિટીની પોલ ખોલી રોડ, રસ્તા, ગટર, ગંદકી, સફાઈમાં ધાંધિયા સહિતની પ્રાથમિક સુવિધામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી બેદરકારી અને લાપરવાહીનો વિસ્તૃત રિપોર્ટ ફોટા સાથે મેયરને સુપ્રત કરેલ હતો.

શહેરના વોર્ડ નંબર ૫માં નીકળતા નેશનલ હાઈવે પાસે વરસાદી પાણી ભરાય છે અને ત્યાં ગટરના ઉપરના ચાપડા તૂટી ગયેલ છે.તેમજ ભગીરથ સોસાયટીની સામે કચરાના ગંજ રોગચાળો ફેલાવાની ? દહેશત છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર અને રાજકોટ મહાનગરપાલિકા વચ્ચે સંકલન ના અભાવે વેપારીઓને હાડમારી ભોગવવી પડે છે અને મુખ્ય રસ્તા ઉપર સફેદ કે પીળા પટ્ટા ન હોવાને પગલે પોલીસની વાનો વખતો વખત વાહનો ટોઈંગ કરી જાય છે.વોર્ડમાં ફુવારાની કોઈ સગવડતા છે નહીં રાજકોટનું પ્રવેશદ્વાર ગ્રીનલેન્ડ ચોકડી ત્યાં ફુવારા બનાવવા અમારી માંગ છે.

પેડક રોડ અને સંત કબીર રોડ પરની ૨૦ ફૂટની શેરીઓમાં કોમર્શિયલ બાંધકામો થયા છે પરંતુ આ બાંધકામાનો વેરો રહેણાંક તરીકે આવે છે જેમાં તપાસ કરવી ઘટે છે.હાલમાં ડામર કામમાં આધુનિક મશીનરી થી કામ થતું હોય ત્યારે દર વર્ષે થર પર થર લાગી રહ્યા છે અને રહેણાંકો નીચા આવતા લોકોના ઘરમાં ગોઠણ ભેર વરસાદી પાણી ભરાય છે.

આ સિવાયના રાજકોટ વોર્ડ નંબર ૫ના સફાઈ, ખાડા, યુરીનલની અપૂરતી સફાઈ, અપૂરતો પાણીનો ફોર્સ સહિતના લોક પ્રશ્નો મેયર દરબારમાં મેઘજીભાઈ રાઠોડ, જયભાઈ કારીયા, રાજુભાઈ લીમ્બાચીયા, જીતુભાઈ રાતડીયા, રણમલભાઈ સોનારા, કાનજીભાઈ ઢોલરીયા, કિશોરભાઈ ડોબરીયા, ઠાકરશીભાઈ ગજેરા, જયસુખભાઈ રાઠોડ સહિતના કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### કારગિલ વિજય દિવસની અનોખી ઊજવણી

# રાજકોટમાં સ્કૂલની વિદ્યાર્થિનીઓએ જવાનોની રક્ષા માટે ૧,૧૧૧ રાખડીઓ બનાવી

રાજકોટ,તા.૨૭

રાજકોટમાં આજે કારગિલ વિજય દિવસે દ્વારા બાઈક રેલી યોજવામાં આવી હતી. જેમાં શહીદ જવાનોના ફોટા સાથે કોલેજના વિદ્યાર્થીઓ અને બહેનો દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. બાદમાં આત્મીય યુનિવર્સિટીથી યાજ્ઞિક રોડ સુધી બાઈક રેલી નીકળી હતી તો આજના જ દિવસે આગામી રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને શહેરની લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ દ્વારા ૧,૧૧૧ રાખડીઓ બનાવવામાં આવી હતી અને શહીદ જવાનોની રક્ષા કાજે આ રાખડી સરહદ સુધી પહોંચાડવામાં આવશે.



દર વર્ષે આજના દિવસને કારગિલ વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ભારત માટે ખૂબ જ મહત્વનો દિવસ હતો. આ દિવસને વર્ષ ૧૯૯૯માં કારગિલ યુદ્ધ દરમિયાન દેશ માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર સૈનિકોની બહાદુરીને શ્રદ્ધાંજલિ આપવા માટે ઉજવવામાં આવે છે. કારગિલ વિજય દિવસ નિમિતે દ્વારા મોટરસાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે શહીદ જવાનોને યાદ કરવામા આવ્યા હતા. ગુજરાત ગર્લ્સ બટાલીયન ધર્મિષ્ઠાએ જણાવ્યું હતું કે, આ બાઈક રેલી આત્મીય યુનિવર્સિટી, કાલાવડ રોડ ખાતેથી પ્રસ્થાન કરવામાં આવ્યો હતો. વિવિધ રૂટ પર પસાર થઈ આ રેલી ગ્રુપ હેડ ક્વાટર, એવીપીટી કોલેજ કેમ્પસ, યાજ્ઞિક રોડ ખાતે પૂર્ણ થઈ હતી. કારગીલ વિજય દિવસ અંતર્ગત આયોજિત મોટરસાયકલ રેલીમાં ના કેડેટ્સ મોટી સંખ્યામાં જોડાયા હતા તેમજ યુદ્ધમાં શહીદ થયેલ જવાનોની તસવીર સાથે રેલી યોજાઈ હતી.

આગામી દિવસોમાં રક્ષાબંધનનો તહેવાર આવનાર છે. દેશભરમાં રક્ષાબંધનના તહેવારની અનોખી ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે રાજકોટના સદર બજાર વિસ્તારમાં આવેલી લાલ બહાદુર કન્યા વિદ્યાલય દ્વારા છેલ્લા ૭ વર્ષથી ચાલતી અવિરત પરંપરા મુજબ આ વર્ષે પણ રક્ષાબંધનની અનોખી ઉજવણી કરવામાં આવી છે. પ્રિન્સિપાલ ભરતસિંહ પરમારે જણાવ્યું હતું કે, લાલ બહાદુર કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ દેશની સરહદ ઉપર ફરજ બજાવતા સૈનિકોને ૧૧૧૧ રાખડીઓ અને પત્ર મોકલવામાં આવશે. તેમજ સરહદ ઉપર રહીને દેશના લોકોની રક્ષા કરતા જવાનોની લાંબી આયુષ્ય માટે આ બહેનો પ્રાર્થના કરશે. રાખડી સાથે સાથે તમામ બહેનોએ એક પત્ર પણ આ વીર જવાનોને લખ્યો છે.

# મધ્યસ્થ જેલમાંથી આરોપી દારૂ પીધેલી હાલતમાં પકડાયો; જેલરે કેદી-કોન્સ્ટેબલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

રાજકોટ,તા.૨૭

થોડા દિવસ પહેલા કચ્છની ગળપાદર જેલમાં કેદીઓને સુવિધા અપાતી હોવાનો ભાંડો ફૂટ્યા હતો. જે બાદ જેલમાં બંધ કુખ્યાત આરોપી યુવરાજસિંહ જાડેજા સહિતના કેદીઓની જેલ બદલી કરવામાં આવી છે. ત્યારે રાજકોટની જેલમાં બંધ હત્યાના આરોપીને જેલના સ્ટાફ દ્વારા સુવિધા આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જેમાં રાજકોટ મધ્યસ્થ જેલમાંથી કોર્ટ મુદ્દતે ગયેલો હત્યાનો આરોપી દારૂ પીધેલી હાલતમાં પકડાતા આરોપી અને કોન્સ્ટેબલ વિરુદ્ધ જેલર દ્વારા ફરિયાદ નોંધાવતા પ્રદ્યુમનનગર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.રાજકોટ મધ્યસ્થ જેલનાં ઈન્ચાર્જ જેલર ગ્રુપ-૨ વી. કે. પારઘીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૨૫.૦૭.૨૦૨૪ના રોજ અમારી ફરજ ડ્યુટી જેલર તરીકે હતી. દરમિયાન આશરે ૫ વાગ્યે જેલના મેઈનગેટ પર ફરજ બજાવતા હવાલદાર હિતેષભાઈ એમ. વાજાએ મને જાણ કરી હતી કે, પોલીસ હેડ ક્વાર્ટર રાજકોટ શહેરના પોલીસ કોન્સ્ટેબલ બ.નં.૧૦૩૨ પરેશ મનસુખભાઈ વાઘેલા જેલના કાચા કામના આરોપી અવેશ અયુબભાઈ ઓડિયાને રાજકોટની કોર્ટ મુદ્દતે રજી કર્યો હતો અને સાંજના આશરે ૪.૪૦ વાગ્યે પરત લાવી જમા લેવામાં આવ્યો હતો. ત્યારબાદ તેઓ દ્વારા કેદીની તપાસ કરતા મોઢામાંથી દુર્ગંધ આવતા જેલના મેડિકલ ઓફિસર દીલાવર ઉડનપૌત્રાને બોલાવી આરોપીની ચકાસણી કરાવતા તે કેફી પીણુ પીધેલો હોવાનું સામે આવતા જેલ રજી. નં. ૩૨૩૨માં નોંધ કરી છે.

આરોપી થોરાળા પોલીસ સ્ટેશનના ૨૦૨૩ના ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦બી, ૧૧૪, -૧૩૫ અને થોરાળા પોલીસ સ્ટેશનના ૨૦૧૮ના -૩૦૭ના કામે જેલમાં કાચા કામના કેદી તરીકે છે.


# યુનિ. જમીન હડપ કૌભાંડના મુદ્દે કાનુની લડતની ચીમકી આપતા બિલ્ડર લાડાણી

## નિયમ મુજબ જ કપાત કરેલી જમીન મળી છેઃ કુલપતિએ કમ્પાઉન્ડ વોલનું વેરીફીકેશન કરાવી લેવું જરૂરી

રાજકોટ, તા.૨૭

સૌરાષ્ટ્ર યુનિ.ની જમીન હડપ કૌભાંડના મુદ્દે બિલ્ડર દિલીપ લાડાણીએ સૌરાષ્ટ્ર યુનિ.ના પદાધિકારીના આક્ષેપોનો છેદ ઉડાડી જણાવ્યું હતું કે તેઓની કપાત થયેલી જમીન સામે નિયમ મુજબ આપવાની થતી જમીન જ તેમને મળી છે.

જેમાં ગાંધીનગર ટાઉન પ્લાનીંગ ઓફીસર અને મ્યુનિ. કોર્પો. દ્વારા નિયમ મુજબ જ તેમને જમીન ફાળવવામાં આવી છે. યુનિ.એ તેમની કમ્પાઉન્ડ વોલનું વેરીફીકેશન મ્યુનિ. કોર્પો.ના અધિકારીઓને સાથે રાખી કરાવી લેવું જરૂરી છે. આ પ્રકરણમાં તેઓએ જરૂર પડે કાનુની લડત આપવાની પણ ચીમકી ઉચ્ચારી જણાવ્યું હતું કે તેઓને જે જગ્યા ફાળવવામાં આવી છે તેમાં રાજકોટ મ્યુનિ. કોર્પો.ની એક પણ ભુલ નથી. જે આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તે પાયાવિહોણા આક્ષેપો છે. આ



પ્રકરણમાં કોર્પો.ના નવા અધિકારીઓની અણસમજણ પણ દેખાઈ રહી છે.

બિલ્ડર લાડાણીએ જણાવ્યું હતું કે અગાઉ યુનિ. દ્વારા આ મામલે પોલીસને ફરિયાદ અરજી આપવામાં આવી હતી. ત્યારે પણ તેઓનું નિવેદન પોલીસ દ્વારા લેવામાં આવેલ હતું.

તેઓને મળેલી જમીનના નિયમ મુજબ બિનખેતી અને ડીઆઇએલઆરની માપણી બાદ કોર્પો.ની મંજૂરીથી જ તેઓને ફાળવી કબ્જો સોંપવામાં આવ્યો છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે યુનિ.ના સત્તાધીશો દ્વારા આ મામલે મ્યુનિ. કોર્પો.ના અધિકારીઓને સાથે રાખી સાઇડ ચેકીંગ કરવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે.

૫૫ વર્ષ પહેલા કલેક્ટર તંત્ર દ્વારા યુનિ. માટે જમીન ફાળવવામાં આવી હતી. યુનિ.નો એક ભાગ મુંજકા અને રૈયાને લાગુ પડે છે. તેઓને ફાળવાયેલ જમીનમાં કંઇ પણ ખોટુ થયું નથી. નિયમ મુજબ તેઓને જમીન ફાળવવામાં આવી છે. ટીપી સ્કીમ ફાઇનલ થયા પહેલા યુનિ.ને આ જમીન સોંપવામાં આવી હતી. તે બાદ ટીપી સ્કીમનો અમલ થયો છે અને તેનાથી દ્વિધા ઉભી થયાનું લાગી રહ્યું છે.

દરમ્યાન યુનિ.ના પત્ર બાદ આ જમીન અંગેની ખરાઇ કમિશ્નર દેવાંગ દેસાઇએ શરૂ કરાવી છે. યુનિ. પાસે રહેલા અને કોર્પો. તથા બિલ્ડર પાસે રહેલા દસ્તાવેજોની ટીપીઓ ચકાસણી કરી રહ્યા છે. સ્થળ તપાસ પણ કરવામાં આવનાર છે. આ કેસમાં જે કંઇ સત્ય હોય તેનો રીપોર્ટ આપવા તેઓએ ટીપી શાખાને સૂચના આપી છે.

## વોર્ડ નં.૧૩ની વોર્ડ ઓફિસ અને ખોડિયારનગરમાં આવેલ આંગણવાડીની મુલાકાત કરતા મ્યુનિસિપલ કમિશનર

રાજકોટ,તા.૨૭

રાજકોટ મ્યુનિસિપલ કમિશનરશ્રી દેવાંગ દેસાઈએ આજે તા.૨૬-૦૭-૨૦૨૪ના રોજ વોર્ડ નં.૧૩ની વોર્ડ ઓફિસ અને ખોડિયારનગરમાં આવેલ આંગણવાડીની મુલાકાત કરી હતી. જ્યાં મ્યુનિસિપલ કમિશનરશ્રીએ વોર્ડ ઓફિસ ખાતે કરવામાં આવતી કામગીરી ઉપરાંત વોર્ડના નાગરિકો દ્વારા આવતી ઓનલાઇન-ઓફલાઇન ફરિયાદોની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વોર્ડ નં.૧૩ની વોર્ડ ઓફિસ ખાતેની વિઝિટ દરમ્યાન મ્યુનિસિપલ કમિશનરશ્રીએ વોર્ડ ઓફિસ ખાતે થતી કામગીરી જેવી કે, ટેક્સ કલેક્શન, સફાઈ, ડ્રેનેજ સફાઈ, નાગરિકો દ્વારા કરવામાં આવતી ફરિયાદોના નિકાલ વગેરે બાબતે અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી. સમીક્ષા દરમ્યાન મ્યુનિસિપલ કમિશનરશ્રીએ જરૂરી માર્ગદર્શન અને સંબંધિત અધિકારીશ્રીને



જરૂરી સુચના આપી હતી.વધુમાં ખોડિયારનગરમાં આવેલ આંગણવાડી ખાતે વિઝિટ દરમ્યાન મ્યુનિસિપલ કમિશનરશ્રીએ આંગણવાડીમાં બાળકોને આપવામાં આવતા પોષણયુક્ત આહાર અને આંગણવાડીમાં સફાઈ અંગે કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.મ્યુનિસિપલ કમિશનરશ્રીની વિઝિટ દરમ્યાન નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી હર્ષદ પટેલ, સિટી એન્જી. શ્રી અતુલ રાવલ, પી.એ.ટુ કમિશનરશ્રી એન. કે. રામાનુજ, ડી.ઇ.ઇ.શ્રી ગુપ્તા, નાયબ પર્યાવરણ ઇજનેરશ્રી વલ્લભ જીંજાળા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## વોર્ડ નં.૫ના સંત કબીર રોડ પર શાળા નં.૭૨ના બિલ્ડીંગ નિર્માણનો પ્રારંભઃ ૮૦૦ છાત્રને લાભ

### ■ મેયર નયનાબેન અને સમિતિ ચેરમેન વિક્રમભાઇના હસ્તે કામ શરૂ કરાયું



રાજકોટ, તા.૨૭

કોર્પો.ની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હેઠળની શાળામાં અભ્યાસ કરતા મધ્યમ અને નબળા વર્ગના વિદ્યાર્થીઓને એક સુંદર અને શાંત વાતાવરણમાં અધ્યતન સુવિધા મળે તે હેતુસર ક્રમશ શાળાના જુના બિલ્ડીંગ દુર કરી તે જ સ્થાને નવા બિલ્ડીંગ બનાવવામાં આવે છે. જે અંતર્ગત આજે વોર્ડ નં.૫માં આર્યનગર શેરી નં.૬, સંત કબીર રોડ પર આવેલ શાળા નં.૭૨ના જુના બિલ્ડીંગને દુર કરી તે જ સ્થળે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની ગ્રાંટમાંથી રૂ.૨.૮૧ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવા સ્કુલ બિલ્ડીંગનું ખાતમુહૂર્ત મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા અને શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પૂજારાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ નિર્માણ પામનાર સ્કુલના નવા બિલ્ડીંગમાં આશરે ૧૬૦૦ ચોરસ મીટરમાં બાંધકામ કરવામાં આવનાર છે. જેમાં, ગ્રાઉન્ડ ફ્લોરમાં પાંચ ક્લાસરૂમ, એક પ્રાર્થના હોલ, બોયઝ અને ગર્લ્સ માટે અલગ અલગ ટોઇલેટ બ્લોક્સ, પ્રિન્સીપાલ રૂમ, સ્ટાફ રૂમ અને સ્ટોર રૂમ તેમજ ફર્સ્ટ ફ્લોરમાં પાંચ ક્લાસરૂમ, એક લેબ, બોયઝ અને ગર્લ્સ માટે અલગ અલગ ટોઇલેટ બ્લોક્સ, મિટીંગ હોલ અને સ્ટોર રૂમ બનાવવામાં આવનાર છે. આ સ્કુલ બિલ્ડીંગથી આ વિસ્તારના અંદાજીત શાળા નં.૭૨ના ૮૦૦થી વધારે વિદ્યાર્થીઓને શિક્ષણની સારી સુવિધા પ્રાપ્ત થશે.

આ કાર્યક્રમમાં સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ઉપપ્રમુખ પરિમલભાઈ પરડવા, પૂજાબેન પટેલ, મંત્રી ભગવતીબેન ઘરોડીયા, વાઇસ ચેરમેન પ્રવિણકુમાર નિમાવત, વોર્ડ નં.૫ના કોર્પોરેટર અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, મા.શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા, કોર્પોરેટર હાર્દિકભાઈ ગોહિલ, શિક્ષણ સમિતિ સભ્યો, મેનેજર અને પી.એસ.ટુ મેયર વી.ડી.ઘોણીયા, આસી.એન્જી. રાકેશ વસોયા વગેરે હાજર રહ્યા હતા.

# આજી રીવરફ્રન્ટનો પ્રશ્ન ઉછળ્યોઃ વોર્ડ નં.૫ના લોક દરબારમાં ગંદકી, ગેરકાયદે બાંધકામના પ્રશ્નોનો વરસાદ

### કોંગી આગેવાનોએ મેયરને સમસ્યાનો ઢગલો આપ્યોઃ ડામર પર ડામરથી ત્રાસ કોમર્શિયલ બિલ્ડીંગનો વેરો રહેણાંક મુજબ!


તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ, તા.૨૭

મેયર તમારે દ્વાર કાર્યક્રમ આજે સામાકાંઠાના વોર્ડ નં.૫માં લોક દરબાર યોજાતા ફરી ખાડા સહિતના બાંધકામ વિભાગના ૧૫, સફાઇ તંત્રના ૧૩ સહિત ૬૮ પ્રશ્નો રજૂ થયા હતા. તો ગેરકાયદે બાંધકામના ૭ પ્રશ્નો મૂકાયા હતા. જેનો નિકાલ કરવા મેયર અને ચેરમેને સૂચના આપી હતી. વર્ષોથી પડતર આજી રીવરફ્રન્ટનો પ્રોજેકટ આગળ જ વધતો ન હોય, આજે સામાન્ય નાગરિકોએ આ પ્રશ્નનો પડઘો પાડયો હતો. તો આ લોક દરબારમાં મનપાની સ્ટે.કમીટીના પૂર્વ ચેરમેન અને કોંગી અગ્રણી મેઘજીભાઇ રાઠોડ સહિતના આગેવાનોએ ગંદકી, ટ્રાફિક વ્યવસ્થા, કોમર્શિયલ બાંધકામોના રહેણાંક વેરા સહિતની ફરિયાદો રજૂ કરી હતી.

વોર્ડ નં.૫માં વોર્ડ ઓફિસ, વોર્ડ નં.૫-ડ, શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ પાછળ, બી-ડિવિઝન પોલીસ સ્ટે.ની બાજુમાં યોજાયેલા લોક દરબાર કાર્યક્રમમાં વોર્ડ નં.૫ના નાગરિકો દ્વારા વિવિધ શાખાની કુલ ૬૮ રજૂઆતો, પ્રશ્નો રજુ કરવામાં આવી હતી જેનો તુરંતમાં નિકાલ કરાશે.વોર્ડ નં.૫ના નાગરિકો દ્વારા સૂચિત સોસાયટી, નદીની સફાઈ, રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ, આજી રિવરફ્રન્ટ ડેવલોપ કરવા, આવાસ યોજના આસપાસ સફાઈ, રાજકોટનો એન્ટ્રી પોઇન્ટ કુવાડવા રોડ પર વેલકમ ગેઇટ અને ટ્રાફિક લગત, સ્ટ્રીટ લાઈટ, ભૂગર્ભ ગટર સફાઈ, બગીચા ડેવલપમેન્ટ, ટ્રાફિક, શાળામાં ચેકીંગ કરવા, પાણીની લાઇન, રેસિડેન્સીયલ વિસ્તારમાં ભઠ્ઠી દૂર કરવા, ખુલ્લા પ્લોટમાં સફાઈ કરવા, નેશનલ હાઇ-વે પાસે વાહનોને રોડ ક્રોસ કરવા પુલ, નાલુ બનાવવા, મેઈન રોડ પરના અસ્થાયી દબાણો દૂર કરવા, સોસાયટીમાં ગંદકી, પેવિંગ બ્લોક નાખવા, આંગણવાડી શરૂ કરવા, ફૂડ ઝોન બનાવવા, ટીપરવાનની અનિયમિતતા જેવા પ્રશ્નો રજુ થયેલ હતા.

હવે તા. ૨૯ સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ દરમ્યાન વોર્ડ નં.૬માંવોર્ડ ઓફિસ, વોર્ડ નં.૬-અ મયુરનગર, શક્તિ ઇન્ડસ્ટ્રીયલ ઝોન, શેરી નં.૩ ખાતે મેયર તમારા દ્વારે (લોક દરબાર) કાર્યક્રમ યોજાશે.કોંગ્રેસની રજૂઆતદરમ્યાન કોંગી આગેવાનો મેઘજીભાઇ રાઠોડ, જય કારીયા, રાજુ લીંબાચીયા, જીતુ રાતડીયા, રણમલ સોનારા વગેરે પણ લોક દરબારમાં પહોંચ્યા હતા અને સ્માર્ટ સીટીના આ વોર્ડમાં ગટર, રસ્તા, ટેકસ, ગંદકી, વરસાદી પાણીના ભરાવાના પ્રશ્ન મૂકયા હતા. મેયરને સોંપેલા પત્રમાં જણાવ્યું હતું કે વોર્ડ નં.૫માં નેશનલ હાઇવે પાસે વરસાદી પાણી ભરાય છે અને ગટરના ચાપડા તૂટી ગયા છે. ભગીરથ સોસાયટી સામે કચરાના ગંજથી રોગચાળાનો ભય છે. મુખ્ય રોડ પર ટ્રાફિકને લગતા પટ્ટા ન હોવાથી પોલીસ વાહનો ટોઇંગ કરતા હોવાની, ગ્રીન લેન્ડ ચોકડીએ કુવારાની જરૂર, પેડક રોડ અને સંત કબીર રોડની ૨૦ ફુટની શેરીઓમાં કોમર્શિયલ બાંધકામોના વેરા રહેણાંક મુજબ, ડામર પર ડામર કામથી મકાનો નીચે આવી જતા હોય, ઘર સુધી પાણી આવી જતા હોવાની, પાણીના અપુરતા ફોર્સની સમસ્યાથી લોકો પીડાય છે જેનો નિકાલ કરવા માંગણી કરાઇ હતી.

# સાત મહિનામાં ગુજરાતના ઘરોમાં PNG કનેક્શનની સંખ્યામાં પોણા બે લાખનો વધારો

### જુલાઇ ૨૦૨૩માં ડોમેસ્ટિક કનેક્શન ૩૦.૭૮ લાખ હતા, ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ૩૨.૫૩ લાખ થયા



રાજકોટ, તા. ૨૭

ગુજરાતના ઘરોમાં પાઇપ્ડ નેચરલ ગેસ કનેક્શનની () સંખ્યા ઝડપથી વધી રહી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાં કનેક્શનમાં પોણા બે લાખનો વધારો થયો છે.

જુલાઇ ૩૧, ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ડોમેસ્ટિક કનેક્શનની સંખ્યા ૩,૦૭૮,૧૬૨ હતી જે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪માં ૩,૨૫૩,૧૭૫ સુધી પહોંચી ગઇ છે. આ સાત મહિનામાં ૫.૬%ના વધારા સાથે કુલ ૧૭૫,૦૧૩ કનેક્શનનો વધારો થયો છે, જે ઘરગથ્થુ વપરાશમાં એક નોંધપાત્ર પ્રગતિ છે.

વ્યવસાયિક તેમજ ઔદ્યોગિક કનેક્શનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપ પર છે. ગુજરાતમાં અત્યારે ૨૩,૪૪૫ વ્યવસાયિક તેમજ ૫૭૮૬ ઔદ્યોગિક કનેક્શન છે. આ સંખ્યા બાકીના રાજ્યો કરતા નોંધપાત્ર રીતે વધારે છે.

ઔદ્યોગિક કનેક્શન ટોપ પાંચ રાજ્ય છે. જેમાં ગુજરાતમાં ૫,૭૮૬,ઉત્તરપ્રદેશ મા ૩,૨૭૦,હરિયાણા મા ૨,૨૫૯,રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી (યુ.ટી) મા ૧,૯૧૦,રાજસ્થાન મા ૧,૬૯૧ નખાયા છે.વ્યવસાયિક કનેક્શન ટોપ પાંચ રાજ્યો મા ગુજરાતમાં ૨૩,૪૪૫,મહારાષ્ટ્ર મા ૪,૮૧૭, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી (યુ.ટી) મા ૩,૯૬૫ , ઉત્તરપ્રદેશ મા ૨,૬૪૪, આસામ મા ૧,૩૯૧ગેસ કનેક્શન નાખવામાં આવ્યા છે.વર્ષ ૨૦૧૪ના માર્ચ મહિનામાં નું નેટવર્ક ૧૩,૫૧૭ કિલોમીટર હતું જે માર્ચ ૨૦૨૪ સુધી વધીને ૩૪,૮૩૨ કિલોમીટર સુધી પહોંચ્યું છે.

# વધુ ૭૭ વેપારીઓ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરતા ઝડપાયા

### ગંદકી કરનારાઓ પાસેથી રૂ.૨૦૪૫૦ વહીવટી ચાર્જ વસુલ



રાજકોટ,તા.૨૭

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમે ત્રણેય ઝોનમાંથી કુલ ૭૭ આસામીઓ પાસેથી ૬.૨૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ૧૦૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૧.૮૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ૧૫૫૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૧ આસામીઓ પાસેથી ૩.૬૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ૨૦૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# ટ્રક ડ્રાઈવરે ગાડી રીપેરીંગ કરવા લીધેલા રૂા.૪ લાખના બે વ્યાજખોરે ૭.૪૮ લાખ માંગ્યા

રાજકોટ. તા.૨૭

પોલીસને વ્યાજખોરો વિરુધ્ધની ઝુંબેશને સફળતા મળી હોય તેમ એક બાદ એક ગુના દાખલ થઈ રહ્યાં છે. જેતપુરના નવાગઢમાં રહેતાં ટ્રક ડ્રાઈવરે ગાડી રીપેરીંગ કરવાં લીધેલા રૂ.૪ લાખના બે વ્યાજખોરે ૭.૪૮ લાખ માંગી ધમકી આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલીસે મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. રાજકોટના વ્યાજખોર કીર્તિરાજસિંહ ગોહિલ અને જૂનાગઢના વિશ્વરાજસિંહ પાસેથી લીધેલા રૂ.૪.૦૯ લાખના ૩.૫૦ ચૂકવ્યાં છતાં પઠાણી ઉઘરાણી કરી હતી.બનાવ અંગે જેતપુરના નવાગઢમાં સરધારપુરના છેડે રહેતાં મુકેશભાઈ સામતભાઈ પગી (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કીર્તિરાજસિંહ સજુભા ગોહિલ (રહે. રાજકોટ) અને વિશ્વરજસિંહ ગોહિલ (રહે. જૂનાગઢ) નું નામ આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલીસે મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પોતાની આઈસર ગાડીનું ડ્રાઈવીંગ કરે છે. તે વર્ષ ૨૦૧૧ થી વાહનનો ધંધો કરે છે અને અગાઉ પાંચ આઈસર લોન ઉપર લીધેલ હતા. જેમાં તેમના મોટા ભાઈ સહિત ચાર ભાગીદાર હતાં.વાહનનો ધંધો કરતા હતા દરમ્યાન એક આઈસરના હપ્તા ચડત થઈ જતા લોન ન ભરી શકતા તે ગાડી કંપનીના માણસોએ બીજા ગ્રાહકના નામે કરી દિધેલ હતી. વર્ષ ૨૦૧૮ માં ભાગીદાર ધંધામાંથી છુટા થતા તેમને અને તેના ભાઈને બે આઈસર ભાગમાં આવેલ હતા. ત્યારબાદ કોરોનાના કારણે લોકડાઉન થતા ધંધો ભાંગી પડતા તેમના ભાઈના નામે જે આઈસર હતુ તે વેંચી નાંખેલ હતો.

ત્યારબાદ વર્ષ ૨૦૨૨ માં તેમને આઈસર ગાડીનું એન્જીન બનાવવાનું હોય પણ કોરોનાના કારણે ધંધો બરાબર ચાલતો ના હોય જેથી રૂપીયાની જરૂરત પડતા નવાગઢના અને હાલ રાજકોટમાં રહેતાં કિર્તીરાજસિંહ ગોહીલની ઓફીસેથી રોકડા રૂ.૨૦ હજાર તા.૦૩/૧૨/૨૦૨૨ ના ૧૦ ટકાના દરે વ્યાજે લીધેલ હતાં. બાદ તા.૦૭/૦૨/૨૦૨૩ ના તેમના ડ્રાઈવરને દવાખાનાનું કામ હોય જેથી કિર્તીરાજસિંહ ગોહીલ પાસેથી રોકડા રૂ.૧૦ હજાર ૧૦ ટકાના દરે વ્યાજે લઈ ડ્રાઈવરને આપેલ હતા. ત્યાર બાદ આઈસરનો હપ્તો ભરવા માટે તા.૧૫/૦૨/૨૦૨૩ ના રોકડા રૂ.૨૦ હજાર તેમજ તા.૦૮/૦૪/૨૦૨૩ ના રોકડા રૂ.૪૦ હજાર ૧૦ ટકાના દરે વ્યાજે લીધેલ હતા.

# ગુંદા રોડ પર કારના અકસ્માતની બાતમીએ પહોંચેલ પોલીસને દારૂની ૩૩ પેટીઓ મળી



રાજકોટ. તા.૨૭

પોલીસને બગાસુ ખાતા પતાસું મળ્યું હોય તેમ ગુંદા રોડ પર કારના અકસ્માતની બાતમીએ પહોંચેલ કુવાડવા રોડ પોલીસને કારમાંથી દારૂની ૩૩ પેટીઓ ૩૯૬ બોટલ મળી આવતાં રૂ.૧૧.૯૮ લાખનો મુદામાલ કબ્જે કરી કારચાલકની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બિ.પી.રજીયાની રાહબરીમાં એ.એસ.આઈ. કે.વી.જાડેજા,હેડ.કોન્સ. એ.બી. લોખીલ, ડી.વી.પરમાર, એ.ડી. મકવાણા અને કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ રાણા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે, કુવાડવા ગુંદા રોડ ઉપર એક કાર અકસ્માતે સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા કાર રોડથી નીચે પડેલ છે અને તે કારમાં ઈંગ્લીશ દારુ હોવાનો ચોક્કસ માહિતીના આધારે સ્થળ પર જતા એક સફેદ કલરની એમજી હેક્ટર કાર રોડની નીચે સાઈડ પર ઉતરી ગયેલ હતી.

કારમાં તપાસ કરતાં કાર ચાલક કે અન્ય કોઈ હાજર મળી આવેલ નહીં અને કારમાં ઈંગ્લીશ દારુની બોટલોની પેટીઓ ભરેલ જોવા મળતાં દારૂની ૩૩ પેટીઓ, દારૂની ૩૯૬ બોટલો અને કાર કબ્જે કરી રૂ.૧૧.૯૮ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. કુવાડવા રોડ પોલીસે કાર નં. જીજે-૦૩-એલજી-૮૮૮૯ ના આધારે કાર માલિકની શોધખોળ હાથ ધરી હતી.

# પરપ્રાંતિય યુવકના ખિસ્સામાંથી રોકડ રૂા.૩૦ હજારની તફડંચી કરનાર રિક્ષા ગેંગ ઝડપાઈ

## ગાંધીગ્રામ પોલીસે ત્રણ શખ્સોને દબોચી રૂા.૫૫ હજારનો મુદામાલ કબ્જે કર્યો

રાજકોટ તા.૨૭

શિતલપાર્ક મેઈન રોડ પરથી પરપ્રાંતિય યુવકના ખિસ્સામાંથી રોકડ રૂા.૩૦ હજારની તફડંચી કરનાર રિક્ષા ગેંગને ગાંધીગ્રામ પોલીસે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવ અંગે રામાપીર ચોકડી પાસે રહેતા મૂળ ઉતરપ્રદેશના વતની અસરફઅલી અજમતઅલીએ જણાવ્યું હતું કે ગઈ તા.૧૭ના તેના ગામથી તેના નાના ભાઈનો ફોન આવેલ કે તેમની માતાની તબીયત ખરાબ છે સારવારમાં લઈ જવા છે ત્યાંથી ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કર જેથી તેઓ રૂા.૩૦ હજાર રાખેલ હોય તે ઓનલાઈન ટ્રાન્સફર કરવા તેમના ઘર પાસે ઉભેલ એક ઓટો રિક્ષામાં બજરંગવાડી જવા નીકળેલ જે રિક્ષામાં પહેલેથી જ બે શખ્સો બેસેલ હતા. થોડે આગળ રિક્ષા જતા એક શખ્સે કહેલ કે આગળથી એક મહિલાને બેસાડવી હોય તેથી તમે આગળના ભાગે જતા રહો, બાદમાં તેઓ આગળ જતા રહેલ અને રિક્ષા ત્યાંથી શિતલપાર્ક મેઈનરોડ પર પહોંચતા ડ્રાઈવરે કહેલ કે અમારે બજરંગવાડી બાજુ નથી જવુ બીજી બાજુ જવુ છે તમે અહી ઉતરી જાવ તેમ કહી રિક્ષામાંથી તે ઉતરી ગયેલ જે બાદ રિક્ષાચાલકે ભાડુ ન લઈ નાસી છુટતા તેમને શંકા જતા તેમની પાસે રહેલ પર્સની તપાસ કરતા રૂા.૩૦ હજાર ભરેલ પર્સ ગાયબ હતું જેથી રૂા.૩૦ હજાર રોકડ ભરેલ પર્સની ચોરી કરી રિક્ષા ગેંગ નાસી છુટતા ફરિયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી.અકબરીની રાહબરીમાં પીએસઆઈ એસ.એલ.ગોહિલ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે કોન્સ્ટેબલ મુકેશ સબાડ, રોહીતદાન ગઢવી, પરેશ ગજેરાને મળેલ ચોક્કસ બાતમીના આધારે શિતલ પાર્ક મેઈન રોડ પર રિક્ષા ગેંગ ફરી વખત ચોરી કરવાના ઈરાદે ઉભેલ હોવાની માહિતીથી સ્ટાફે બાતમીના સ્થળેથી રિક્ષાગેંગના હમીર કરમણ કુવરીયા, કીશન ઉર્ફે કરણ, માવજી શંખેશ્વરીયા અને સુનીલ રાજુ વાઘેલા રહે. ત્રણેય રૈયાધારને પકડી પાડી રૂા. ૫૫ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

# બંગડી બજારના ગોડાઉનમાં આગ ભભૂકી હેન્ડી ક્રાફટનો સામાન બળીને ખાખ

## સતત ત્રણેક કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ બુઝાવી, મોટું વાહન બજારમાં નહીં જઈ શકતા મીની ફાઈટરમાં પાઈપ લંબાવી પાણી ભરી ભારે જહેમત બાદ આગ શાંત પડી

રાજકોટ, તા.૨૭

શહેરમાં આવેલી બંગડી બજારના ગોડાઉનમાં આગ ભભૂકી હતી. અહીં હેન્ડી ક્રાફટનો સામાન બળીને ખાખ થઈ જતા લાખોનું નુકસાન થયું હતું. લાખાજીરાજ રોડ પર બંગળી બજાર ચોકમાં આવેલ પરિમલ હેન્ડી ક્રાફટ નામની પેઢીના બિલ્ડીંગમાં ચોથા માળે આગ લાગતા ફાયરબ્રિગેડ દોડી ગયું હતું. સતત ત્રણેક કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતું. મોટું ફાયર ટેન્કર બજારમાં નહીં જઈ શકતા મીની ફાઈટરમાં પાઈપ લંબાવી પાણી ભરી ભારે જહેમત બાદ આગ શાંત પડી હતી.




બનાવની વિગત મુજબ, આજે સવારે ૧૦ વાગ્યા આસપાસ રાજકોટના લાખાજીરાજ રોડ, બંગળી બજાર ચોકમાં આવેલ પરિમલ હેન્ડી ક્રાફટ નામની પેઢીના બિલ્ડીંગમાં ચોથા માળે પતરાના શેડમાં જ્યાં માલ રાખવાનું ગોડાઉન હોય તેમાં કોઈ કારણો સર આગ ભભૂકી ઉઠી હતી. શરૂઆતમાં વેપારીઓને જાણ નહોતી થઈ. પણ ધુમાડાના ગોટે ગોટા નીકળતા તુરંત ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી.

રાજકોટ મહાનગર પાલિકાના કનક રોડ પર આવેલા મુખ્ય ફાયર સ્ટેશનેથી ફાયર બ્રિગેડ જવાનો દોડી ગયા હતા. સાંકળી બજારથી ફાયર વિભાગની ટીમ વાકેફ હોવાથી, ટીમે સૌ પ્રથમ મીની ફાયટર ટેન્કરથી આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ત્યાં પાછળ બીજી ટીમો મોટા ફાયર ફાઈટર સાથે દોડી આવી હતી. મોટા ફાયર ફાયટર ટેન્કરમાંથી પાણીની પાઈપ લંબાવી મીની ફાયર ટેન્કર સુધી લઈ જવામાં આવી હતી.

# રીંગ રોડ-૨માં કણકોટથી પારડી ચોકડીનો ફોર ટ્રેક રોડ મંજૂર : તુરંતમાં ટેન્ડર

## ૮.૧૩ કિ.મી.ના રસ્તાનો નવો વિકાસ થશે રૂડા વિસ્તારમાં પણ કોર્પો.ની હોર્ડિંગ પોલીસી લાગુ કરવા નિર્ણય બોર્ડ મીટીંગમાં વિવિધ ઠરાવો મંજૂર કરાયા


તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ, તા. ૨૬

રાજકોટ શહેરી વિભાગ સત્તામંડળની બોર્ડ બેઠક આજે ઇન્ચાર્જ ચેરમેન ડી.પી.દેસાઇના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં રીંગ રોડ-૨ના કણકોટથી પારડી ચોકડીના ૮ કિ.મી.ના રસ્તાને ફોરલેન બનાવવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી અને આ માટે ટુંક સમયમાં ટેન્ડર બહાર પાડવા નિર્ણય લેવામાં આવ્યો હતો. આજરોજ રૂડાની ૧૭૩મી બોર્ડ બેઠકમાં નવા રીંગ રોડના ટેન્ડર, રૂડા વિસ્તારમાં હોર્ડિંગ મંજૂરીની પોલીસી અંગે નીતિ મંજૂર કરવામાં આવી હતી. રૂડા હસ્તકના રીંગરોડ-૨, ફેઝ-૨ કણકોટ ચોકડીથી પારડી ચોકડી લંબાઈ-૮.૧૩કી.મી. સુધીના રસ્તાને ૪-માર્ગીય બનાવવા મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત રૂડાના વિસ્તારમાં ખાનગી હોર્ડીંગ ઉભા કરવા કોર્પો.ની પોલીસી સ્વીકારવા મંજુરી અપાઇ છે.

રીંગ રોડ-૨ને આ ભાગમાં ફોરલેન બનાવવા રૂડાના બજેટમાં દર્શાવેલ પ્રોજેકટની દરખાસ્ત મંજૂર થતા કરોડોના ખર્ચનું એસ્ટીમેટ તૈયાર થાય તેમ છે. વાહનોને મોટા રોડની સુવિધા માટે રીંગ રોડનો વિકાસ કરવા સરકાર ભંડોળ આપનાર છે.

રૂડા વિસ્તારમાં કોર્પો.ના હોર્ડિંગના નિયમો લાગુ કરવામાં આવશે. લાયસન્સ ફી સહિતની નીતિ લાગુ થવાની હોય, રૂડા વિસ્તારમાં આડેધડ બોર્ડ ઉભા કરી નહીં શકાય અને રૂડાની મંજૂરી લેવી ફરજીયાત કરવામાં આવી છે. મનહરપુર રોણકીમાં ડ્રેનેજ લાઇન નાંખવા પણ ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ સહિતની અર્ધો ડઝન દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે.આ બેઠકમાં કલેકટર પ્રભવ જોષી, મ્યુનિ. રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિ. મહેશ જાની, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકર રૂડાના સી.ઈ.એ. જી.વી.મીયાણી, મુખ્ય નગર નિયોજક પ્રતિનિધિ તરીકે કે.આર.સુમરા તથા છખઈના સીટી એન્જી. કે.કે.મહેતા હાજર રહેલ હતાં.

# કોરોના વખતે મોકુફ રહેલી ઢોરની વસ્તી ગણતરી હવે શરૂ કરવા સરકારની તૈયારી

## જિલ્લા પંચાયતે મહાપાલિકા પાસેથી વિગતો મંગાવી

રાજકોટમાં કોરોના કાળ વખતે મોકુફ રહેલી ઢોરની વસ્તી ગણતરી હવે પાંચ વર્ષ બાદ પશુપાલન વિભાગ અને જિલ્લા પંચાયત સપ્ટેમ્બરથી શરૂ કરશે જે માટે જિલ્લા દ્વારા મનપાના એએનસીડી વિભાગ પાસેથી જરૂરી વિગતો માંગવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર ૨૧મી પશુ ધન વસતી ગણતરી માટે ઉપયોગમાં લેવામાં આવનાર સોફ્ટવેર અંગે ગુજરાત અને રાજસ્થાનના નોડલ અધિકારીઓ માટે ગાંધીનગર ખાતે પ્રાદેશિક તાલિમનું આયોજન કરવામાં આવ્યું હતું.રાજકોટમાં કોરોના કાળ વખતે મોકુફ રહેલી ઢોરની વસ્તી ગણતરી હવે પાંચ વર્ષ બાદ પશુપાલન વિભાગ અને જિલ્લા પંચાયત સપ્ટેમ્બરથી શરૂ કરશે જે માટે જિલ્લા દ્વારા મનપાના એએનસીડી વિભાગ પાસેથી જરૂરી વિગતો માંગવામાં આવી છે. પશુધન વસતી ગણતરીમાં દેશભરની ૨૧૯ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે, જેમાં ગુજરાતમાં ગીર, કાંકરેજ, ડગરી, ડાંગી અને નારી ગાય, મહેસાણી અને જાફરાબાદી ભેંસ, ઊંટ, ઘેટા, કૂતરા અને અન્ય પશુઓ મળી કુલ ૨૮ પશુ જાતોની ગણતરી કરવામાં આવશે. સપ્ટેમ્બરથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન ગુજરાતમાં આશરે ૪,૩૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓ રાજ્યના દોઢ કરોડ ઘરોની મુલાકાત લઈ પશુધન વસતી ગણતરી હાથ ધરશે. થોડા સમય પૂર્વે રાજકોટ શહેરમાં રખડું કુતરાઓની વસ્તી ગણતરી માટે ટેન્ડર બહાર પડયા બાદ હજુ સુધી કામગીરી શરૂ થઇ નથી તે ઉલ્લેખનીય છે.

# રાજકોટ જિલ્લામાં ૧૨૯૮ મકાનો ભયજનક વહીવટી તંત્ર દ્વારા નોટીસો

## રાજકોટના ૧૦૩૨, જેતપુરના ૧૫૩, ધોરાજીના ૯૬, ગોંડલના ૧૦, જસદણના ૪ અને ભાયાવદરના ૩ મકાનોનો સમાવેશ મરામત યોગ્ય, ઈમારતોના રીસ્ટોલેશન અને જર્જરિત બિલ્ડીંગોને તોડી પાડવા તાકીદ

રાજકોટ,તા.૨૬

રાજકોટ જીલ્લામાં વર્ષો જુના ૧૨૯૮ જેટલા મકાનો ભયજનક સ્થિતિમાં મુકાયા હોય આવા મકાનોના રીસ્ટોલેશન તેમજ અતિ જર્જરિત મકાનોને તોડી પાડવા માટે વહીવટી તંત્ર દ્વારા નોટીસો ફટકારવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, વહીવટી તંત્ર દ્વારા થોડા સમય પૂર્વે રાજકોટ શહેર જીલ્લામાં જર્જરીત મકાનોનો સર્વે કરાવવામાં આવેલ હતો. જેમાં રાજકોટ શહેરમાં ૧૦૩૨ સહિત જીલ્લાના પાલિકા વિસ્તારોમાં ૧૨૯૮ જેટલા મકાનો જર્જરીત-ભયજનક હોવાનું ખુલ્યું હતું.

જે બાદ આવા મકાનોને નોટીસો ફટકારવામાં આવી હતી. સુત્રોએ આ મામલે જણાવ્યું હતું કે રાજકોટના જે ૧૦૩૨


પ્રતિકાત્મક તસવીર

મકાનો જર્જરીત-ભયજનક સ્થિતિમાં રહેલા છે તેમાં ડેરીલેન્ડ વિસ્તારના ૬૯૬ અને આનંદનગર વિસ્તારના ૩૩૬ મકાનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જેતપુર પાલિકા વિસ્તારના ૧૫૩, ધોરાજીના ૯૬, જસદણના ૪ અને ભાયાવદર નગરપાલિકા વિસ્તારના ત્રણ મકામોનો સમાવેશ થાય છે.

રાજકોટ શહેરના ડેરીલેન્ડ વિસ્તારના હાઉસીંગ બોર્ડના ૬૯૬ મકાનો જર્જરીત સ્થિતિમાં ફેરવાયેલા છે. આ મકાનોના રહીશોને મકાનો ખાલી કરાવી તેઓને મકાનોના રિનોવેશન માટે તાકીદ કરવામાં આવી હતી. જયારે આનંદનગર વિસ્તારના જર્જરીત ૩૩૬ મકાનોના નળ, વિજળીના કનેકશનો કાપી નખાતા દેકારો બોલી જવા પામ્યો હતો. જે બાદ આનંદનગર વિસ્તારના આ મકાનોના વિજળી અને નળ જોડાણો ફરી જોડી આપવામાં આવેલ હતા.

જયારે જસદણ નગરપાલિકા વિસ્તારમાં જે ચાર મકાનો જર્જરીત બન્યા છે આ તમામ મિલ્કત ધારકોને નોટીસો ફટકારી દેવામાં આવી છે અને આ ભયજનક મિલ્કતનો અમુક ભાગ પણ દુર કરવામાં આવેલ છે.

જેતપુર નગરપાલિકા વિસ્તારમાં જર્જરીત અને જોખમી પાંચ જેટલી ઈમારતોને ઉતારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જયારે અન્ય ૩૪ મકાનોના રીપેરીંગ કામ માટે આ મકાનોના માલીકોને નોટીસો ફટકારવામાં આવી છે. આવી જ રીતે ગોંડલ નગરપાલિકા વિસ્તારમાં ૧૦ જેટલા જર્જરીત મકાનોને નોટીસ ફટકારવામાં આવી છે. જેમાં આ ૧૦ પૈકીની એક ઈમારતને તોડી પાડવામાં આવી છે. ભાયાવદર નગરપાલિકા વિસ્તારમાં પણ ત્રણ જર્જરીત મિલ્કતોના માલીકોને નોટીસ ફટકારી આ મિલ્કતોનું મરામતકામ કરવા તાકીદ કરવામાં આવી છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જેતપુરમાં જર્જરીત મકાનોનો એક ભાગ તૂટી પડયો હતો જે બાદ તાજેતરમાં જ ખંભાલીયામાં જર્જરીત મકાન તૂટી પડતા ત્રણ વ્યકિતઓના મોત નિપજયા હતા.



તસવીરઃ આનંદ સોમૈયા

# પેરિસ ઓલિમ્પિક -૨૦૨૪નો શુભારંભ પ્રસંગે રેસકોર્ષ ખાતે એમબ્રેસિંગ પેરિસ-૨૦૨૪ કાર્યક્રમ યોજાયો

રાજકોટ તા. ૨૬

આજથી દુનિયાભરમાં વિવિધ રમતોના રમતવીરોનો મહાકુંભ એવા પેરિસ ઓલિમ્પિક -૨૦૨૪નો શુભારંભ થવાનો છે, ત્યારે ભારતીય ખેલાડીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરૂ પાડવા ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ રાજકોટ અને રાજકોટ મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે રેસકોર્ષ ખાતે એમબ્રેસિંગ પેરિસ-૨૦૨૪ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.રાજકોટ જિલ્લા કક્ષાની રમતગમત શાળા (ઉકજ્જ) ની વિદ્યાર્થિનીઓએ હોકી, સોફ્ટબોલ, રોપ સ્કિપિંગ, જુડો, માર્શલ આર્ટ્સ, ટેકવોંડો, આર્ચરી અને યોગના વિવિધ આસનોનું નિદર્શન કર્યું હતું. આ બાળકીઓમાંથી પ્રેરણા લઈને ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી જયમિનભાઈ ઠાકર, અગ્રણીશ્રી લીલુબેન જાદવ વગેરેએ આર્ચરી પર હાથ અજમાવ્યો હતો. આ પ્રસંગે રમત અધિકારી શ્રી રમા મદ્રા, રાજકોટ સ્પોર્ટસ પ્રમોશન ફાઉન્ડેશન લીમીટેડના ચીફ ઓપરેટીંગ ઓફિસર શ્રી રાજદિપસિંહ જાડેજા, કોર્પોરેશનના યુવા અને સાંસ્કૃતિક વિભાગના અધિકારી શ્રી કે. બી. ઉનાવા, હોકી એસો. ના પ્રમુખ શ્રી મહેશભાઈ દિવેચા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનુય છે કે, પેરિસ ઓલિમ્પિક - ૨૦૨૪માં જેવેલીયન થ્રો, શુટીંગ, આર્ચરી, બેડમિન્ટન, વેઈટ લિફ્ટીંગ, બોક્સિંગ, ઘોડેસવારી, ગોલ્ફ, હોકી, જુડો, સેઈલીંગ, સ્વિમીંગ અને ટેબલ ટેનિસ જેવી ૧૬ રમતોમાં ૬૯ ચંદ્રકો માટે ૧૬ દિવસ સુધી ભારતના ૧૧૨ રમતવીરો દેશનો તિરંગો લહેરાવવા થનગની રહ્યા છે. ગુજરાતના ત્રણ ખેલાડીઓ પૈકી બે ટેબલ ટેનિસ પ્લેયર હરમિત દેસાઈ અને માનવ ઠક્કર તથા શૂટિંગ ૧૦ મિટર એર રાઈફલ પ્લેયર ઈલાવેનિલ વાલારિવાનને રાજય સરકારની શક્તિદૂત યોજના અંતર્ગત રૂ. ૧૦ લાખની સહાય આપવામાં આવી છે.

# લોકમેળાના ૨૬૦ સ્ટોલ સામે હજુ માત્ર ૧૧૧ ફોર્મ સબમીટ

## આજે ફોર્મ સબમીટ કરાવાનો અંતિમ દિવસ તા.30ના રિવ્યુ બેઠક

રાજકોટ,તા.૨૬

રાજકોટ લોકમેળા સમિતિ અને કલેકટર તંત્ર દ્વારા રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજીત કરાયેલા જન્માષ્ટમીના લોકમેળાનો સ્ટોલ અને રાઈડ્સના પ્લોટ માટે ફોર્મ સ્વીકારવાની મુદત બે દિવસ લંબાવવામાં આવ્યા બાદ પણ ગઈકાલ સુધીમાં માત્ર ૧૧૧ ભરેલા ફોર્મ સબમીટ થવા પામેલ છે.



જયારે આજે આ ફોર્મ સબમીટ કરાવવાનો અંતિમ દિવસ હોય બપોર સુધીમાં પુરતી સંખ્યામાં વેપારીઓ દ્વારા ફોર્મ સબમીટ નહીં કરાવાતા વહીવટી તંત્ર હરકતમાં આવેલ છે. જો કે સાંજ સુધીમાં પુરતી સંખ્યામાં ફોર્મ સબમીટ થશે તેવો આશાવાદ વ્યકત કરવામાં આવ્યો છે.

અહી એ ઉલ્લેખનીય છે કે, લોકમેળામાં આ વખતે સ્ટોલ અને પ્લોટની સંખ્યા ઘટાડી ૨૬૦ કરી દેવામાં આવેલ છે. ટીઆરપી ગેમઝોન અંગ્નિકાંડ બાદ સાવચેતીના પગલા રૂપે લોકમેળામાં સ્ટોર અને પ્લોટ રાખનાર વેપારીઓ માટે સોગંદનામા ફરજીયાત કરવામાં આવેલ છે તેની સાથોસાથ સીસીટીવી કેમેરા અને ફાયર સેફટીના સાધનો પણ ફરજીયાત કરવામાં આવેલ છે.સોગંદનામા, સીસીટીવી કેમેરા અને ફાયર સેફટીના સાધનો ફરજીયાત કરવા સામે વેપારીઓએ નારાજગી દર્શાવી હતી. તેમજ સ્ટોલના ભાવમાં પણ ઝીંકાયેલા વધારા સામે આક્રોશ વ્યકત કર્યો હતો. લોકમેળાના સ્ટોલ અને રાઈડ્સના પ્લોટ માટે કલેકટર તંત્ર દ્વારા આકરા નિયમો અમલી બનાવતા વેપારીઓએ આ વખતે થોડી નિરસતા દાખવી છે

જોકે આજે ફોર્મ સબમીટ કરાવવાનો અંતિમ દિવસ હોય સાંજ સુધીમાં કેટલાક વેપારીઓ ફોર્મ સબમીટ કરાવે છે તેનું ચીત્ર સ્પષ્ટ બની જશે. બીજી તરફ કલેકટર પ્રભવ જોશી દ્વારા આગામી તા.30મીના રોજ લોકમેળા અંગે રિવ્યુ બેઠક આયોજીત કરવામાં આવી છે.

કસમાં ફ્લેટ વેચવાનો છે
1 BHK (સેમી ફર્નિશ્ડ)
અંબિકા ભુવનેશ્વરી એપાર્ટમેન્ટ, ચોથો માળ, ૩ મારુતિ નગર, એરપોર્ટ રોડ, રાજકોટ
: સંપર્ક કરો :
હેમલ વિઠ્ઠલાણી
મો.91065 15053

# ચાંદીપુરા વાઈરસના કહેર વચ્ચે સિઝનલ બીમારીની ભીતિઃ અમદાવાદમાં ઝાડા-ઊલટીના 300થી વધુ દર્દી સારવાર હેઠળ

# રાજકોટમાં ડેન્ગ્યુ, મેલેરિયા ને વાઈરલ ઈન્ફેક્શનના કેસ વધ્યા; સિવીલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો



તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ.તા.૨૬

ગુજરાતમાં એક તરફ ચાંદીપુરા વાઈરસના કારણે બાળકોના જીવ જોખમમાં મુકાયા છે. તો બીજી તરફ રાજયના વિવિધ જિલ્લાઓમાં મેઘરાજાની તોફાની બેટિંગને કારણે રોગચાળો ફાટી નીકળવાનો ખતરો વધ્યો છે. વરસાદી પાણી ભરાવવાના કારણે ગંદકી અને માખી-મચ્છરનો ઉપદ્રવથી મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોથી શહેરજનો બીમાર પડી રહ્યા છે. ત્યારે શરદી-ઉધરસ અને તાવ ઉપરાંત ડેન્ગ્યુ, મેલેરિયા અને વાઈરલ ઈન્ફેક્શનના કેસ નોંધાતા રાજકોટ અને અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

રાજકોટમાં હાલ ચાંદીપુરા વાઈરસના કહેર વચ્ચે સીઝનલ બીમારીમાં વધારો થયો છે. ચોમાસાની સીઝનના કારણે શરદી-ઉધરસ, તાવ, ઝાડા-ઉલટી તેમજ ડેન્ગ્યુ, મેલેરિયા, ટાઈફોડ, કોલેરા અને વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓનો સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ધસારો જોવા મળી રહ્યો છે. અને રોગચાળો વધતા સિવિલ હોસ્પિટલની કેસબારી તેમજ દવાબારી ખાતે દર્દીઓ તેમજ તેના સગાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉમટ્યા હોય કતારો લાગી હતી. જો કે, હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં હોવાનું તેમજ બધી દવાઓ અને ઈન્જેક્શનના પૂરતા સ્ટોક સાથે પર્યાપ્ત સ્ટાફ હોવાનું હોસ્પિટલના મીડિયા કો-ઓર્ડિનેટર ડો. હેટલ ક્યાડાએ જણાવ્યું હતું.

દિપક ચુડાસમા નામના એક દર્દીએ જણાવ્યું હતું કે, મને ડાયાબિટિસ હોવાને કારણે છેલ્લા ત્રણેક વર્ષથી સિવિલ હોસ્પિટલમાંથી સારવાર અને દવાઓ લઉં છું. જોકે, છેલ્લા એક મહિનાથી પુરતી દવાઓ મળતી નથી. જ્યારે આવીએ ત્યારે બે-ત્રણ દવા બહારથી લઈ લેવાનું કહેવામાં આવે છે. હું રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવું છું. બહારથી દવાઓ લેવામાં ૫૦૦થી ૧૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે. જે પરવડે તેમ ન હોવાથી ભારે હાલાકી ભોગવવી પડે છે. આજે પણ એક દવા આપી અને બીજી બહારથી લેવા જણાવ્યું છે. ત્યારે આ અંગે તાત્કાલિક પગલાં લેવાય તે જરૂરી છે.

### હોસ્પિટલમાં દવા અને ઈન્જેક્શનનો પર્યાપ્ત સ્ટોક

રાજકોટ સિવિલ હોસ્પિટલના મીડિયા કો-ઓર્ડિનેટર ડો. હેટલ ક્યાડાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, હાલ છેલ્લા મે અને જૂન મહિનામાં ધારણા મુજબ સીઝનલ રોગચાળો જોવા મળ્યો નથી. મે મહિનામાં ડેન્ગ્યુ, મેલેરિયા, કોલેરા તેમજ શરદી-ઉધરસ-તાવ અને વાઈરલ ઈન્ફેક્શનના ૩૧૬ કેસ નોંધાયા હતા. જ્યારે જૂન મહિનામાં ૨૪૮ કેસ સામે આવ્યા હતા. જોકે, સિવિલ હોસ્પિટલમાં રોજ ૧૫૦૦ જેટલા દર્દીઓની ઓપીડી ચાલે છે. પરંતુ તેને પહોંચી વળવા માટે પૂરતો સ્ટાફ તેમજ દવાઓ અને ઈન્જેક્શનનો પર્યાપ્ત સ્ટોક ઉપલબ્ધ હોવાથી અત્યારે સુધી ખાસ કોઈ મુશ્કેલી પડી નથી.

## સગર્ભા મહિલાઓ અને બાળકો માટે ખાસ જનાના હોસ્પિટલ

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાં બાળકો અને સગર્ભા મહિલાઓ માટે ખાસ જનાના હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. જેના કારણે દાખલ દર્દીઓ માટે બેડ અને સ્ટાફની સંખ્યામાં પણ વધારો થયો હોવાથી દર્દીઓને પણ લાભ મળી રહ્યો છે. સાથે ડખઉંઅઢ કાર્ડના કારણે ગંભીર રોગના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર લેતા થયા હોવાથી ભારણ ઘટ્યું છે. જોકે, ચાંદીપુરા વાઈરસના હાલ ૫ શંકાસ્પદ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે અને ૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં એક બાળકી વેન્ટિલેટર પર અને બીજી બાળકી રૂમ એર ઉપર એકદમ નોર્મલ છે. જોકે, સિવિલ હોસ્પિટલમાં ડાયાબિટિસની દવાઓની અછતના દર્દીના આરોપને તેમણે ફગાવ્યો હતો અને પૂરતો સ્ટોક હોવાનો દાવો કર્યો હતો.

## જુલાઈના ૨૩ દિવસમાં મેડિસિનની ૧૧,૨૦૦ ઓપીડી

સુરતમાં ચોમાસાની શરૂઆત થતાની સાથે જ પાણી અને મચ્છરજન્ય રોગમાં વધારો થવા પામ્યો છે. જૂન મહિનામાં સુરત સિવિલ હોસ્પિટલમાં મેડિસિનની ઓપીડી ૧૫,૦૦૦ હતી. ત્યારે પીડિયાટ્રિકની ૩,૭૦૦ જેટલી ઓપીડી હતી. આ સાથે જ ડેન્ગ્યુના ૮, ઝાડા ઉલટીના ૧૨૭ અને તાવના ૧૯૩ કેસ હતા. તે પૈકી ૮૭ મેલેરિયા તાવના કેસ હતા. હાલ જુલાઈ મહિનામાં સુરત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૨૩ દિવસમાં મેડિસિનની ઓપીડી ૧૧,૨૦૦, પીડિયાટ્રિક ૨,૫૦૦ જેટલી ઓપીડી થઈ ગઈ છે. ત્યારે હજૂ આ મહિનાનું એક અઠવાડિયું બાકી છે જેથી જૂન મહિના જેટલી ઓપીડી થઈ જશે. આ સાથે જ આ મહિનામાં ડેન્ગ્યુના ૧૪ ઝાડા ઉલટીના ૧૧૯ અને તાવના ૧૭૫ કેસ સામે આવ્યા છે. જે પૈકી ૭૪ મેલેરિયાના કેસ છે.

## વરસાદી પાણી ઓસરતા પાણીજન્ય રોગ વધવાની ભીતિ

જૂન મહિના અને જુલાઈ મહિનાની સુરત સિવિલ હોસ્પિટલની ઓપીડી અને નોંધાયેલા કેસની સરખામણી કરવામાં આવે તો ગત મહિને અને આ મહિનામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. જોકે, છેલ્લા ચાર દિવસથી પડેલા વરસાદના કારણે સુરતમાં ખાડીપુર આવ્યા હતા. હવે પાણી ઓસરીયા બાદ અહીં પાણીજન્ય રોગમાં વધારો થવાની શક્યતા છે. અને તેને પહોંચી વળવા માટે સુરતનું તંત્ર સજ્જ છે.

## ર્દીઓના ધસારાને પહોંચી સિવિલ હોસ્પિટલ સજ્જ

સુરત સિવિલના તબીબ જીગીશા પાટડિયાએ જણાવ્યું હતું કે, ચોમાચામાં રોગચાળો વધી જતો હોય છે. ત્યારે જૂન અને જુલાઈ મહિનામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓના ધસારાને પહોંચી વળવા માટે પૂરતી ડોક્ટરોની ટીમ અત્યાઆધુનિક સાધનો સહિતની તમામ ચીજવસ્તુઓ સુરત સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પ્રજાજનોની રજૂઆતો-સમસ્યાઓના નિવારણ માટે અભિગમ 'સ્વાગત' રજૂ કરાયો

રાજકોટ, તા.૨૬: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'સ્વાગત' કાર્યક્રમમાં તાલુકા અને જિલ્લા સ્તરે આવતી પ્રજાજનો-નાગરિકોની રજૂઆતોનું સ્થાનિક સ્તરે જ નિવારણ લાવવાનો પ્રો-એક્ટિવ અભિગમ અપનાવવા જિલ્લા અને તાલુકા તંત્ર વાહકોને સૂચન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, જિલ્લા-તાલુકા 'સ્વાગત'માં લાંબા સમય સુધી લોકોની રજૂઆતોનો ઉકેલ ન આવે અને તેમને તે માટે રાજ્ય 'સ્વાગત' સુધી આવવું પડે છે તેવી પરિસ્થિતિ નિવારવી



જરૂરી છે. મુખ્યમંત્રી એ ગાંધીનગરમાં જુલાઈ-૨૦૨૪ મહિનાના રાજ્ય 'સ્વાગત' ઓનલાઇન કાર્યક્રમમાં મળેલી રજૂઆતો-પ્રશ્નોના નિવારણ માટે જિલ્લાતંત્રોને માર્ગદર્શન આપતાં આ સૂચનો કર્યા હતા. તાલુકા મામલતદારોની તાલુકા 'સ્વાગત'ની કામગીરીની સમીક્ષા પણ મુખ્યમંત્રી એ હાથ ધરી હતી. જુલાઈ-૨૦૨૪ના આ 'સ્વાગત'માં રાજ્ય, જિલ્લા અને તાલુકા 'સ્વાગત'માં કુલ મળીને ૨૫૩૮ રજૂઆતો આવી હતી. જેમાંથી ૫૯ ટકા એટલે કે ૧૪૯૫ રજુઆતોનું નિરાકરણ લાવી દેવાયું છે.

## ધોરાજી તાલુકામાં સૌથી વધારે વરસાદને કારણે ખેડૂતોના નૂકસાનનું સર્વે કરાવવા માગ

- **રાજ્ય સરકાર તાત્કાલિક સર્વે કરાવવાની માંગણી કરતા હરકિશનભાઈ માવાણી ચેરમેન ધોરાજી માર્કેટિંગ યાર્ડ**



ધોરાજી, તા. ૨૭: ધોરાજી માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરકિસનભાઈ માવાણી રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને જણાવેલ કે ધોરાજી તાલુકાના ચિચોડ છાડવાવદર વાડોદર મોટીમારડ પાટણવાવ વિગેરે ધામોમાં ભારે વરસાદ ને કારણે તારાથી સર્જી હતી અને તમામ ખેતરોનું ધોવાણ થઈ ગયું હતું જેના કારણે પાક નિષ્ફળ જતા ખેડૂતોને ભારે નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે તેમજ તાલુકાના તમામ રસ્તાઓ અને ખેતરો ધોવાઇ જતા રસ્તાઓ નું ધોવાણ થઈ જતા તાલુકામાં મોટી નુકસાની ભોગવી પડી રહી છે ત્યારે તાત્કાલિક રાજ્ય સરકાર દ્વારા સર્વે કરવામાં આવે અને ખેડૂતોને જે નુકસાની ગઈ છે તેની સહાય ચૂકવવામાં આવે તેવી માગણી રાજયના મુખ્યમંત્રી ને પત્ર લખીને ધોરાજી યાર્ડના ચેરમેન હરકિશનભાઈ માવાણી કરી હતી.

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાનો વિરામ છતાં હજુ ૪૩ જળાશયો ઓવરફ્લો



રાજકોટ,તા.૨૬

સૌરાષ્ટ્રભરમાં ભારેથી અતિ ભારે વરસાદ બાદ મેઘરાજાએ વિરામ લીધો હોવા છતાં હજુ જળાશયોમાં નીર આવક થતા રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જુદા-જુદા જિલ્લાઓના ૪૩ જેટલા જળાશયો હજુ ઓવરફ્લો રહેતા દરવાજા ખોલી પાણી છોડવામાં આવી રહ્યું છે ડેમ ઉપરવાસમાં વરસેલા ભારે વરસાદના કારણે જળાશયોમાં પાણીની આવક હજુ યથાવત રહી છે.રાજકોટ જિલ્લાના મોજ, ફોફળ, વેણુ-૨, આજી-૨, સોડવદર, ન્યારી-૨, ભાદર-૨ ડેમ હજુ ઓવરફ્લો રહ્યો છે. જામનગર જિલ્લાના સસોઈ, પન્ના, ફુલઝર-૧, ફુલઝર-૨, ડાઈ મીણસર, ઉંડ-૩, રંગમતી,વાડીસંગ, ફુલઝર રૂપાવટી, રૂપારેલ, ઉમીયા સાગર, ડેમ ઓવરફ્લો છે

દ્વારકા જિલ્લામાં ચાની, ઘી, વર્તુ-૧, ગઢકી, વર્તુ-૨, સોનમતી, શેઢા ભડથરી, વિરાડી-૧, સીંધાણી, કાબરકા, વેરાડી-૨, મીણસાર ડેમ ઓવરફ્લો થઈ રહ્યો છે. સુરેન્દ્રનગરનો સોરઠી અને મોરબી જિલ્લાનો મચ્છુ-૩ ડેમ, જૂનાગઢ જિલ્લામાં પાસે, વિલિંગ્ડન સહિત ત્રણ ડેમો અને ગીરસોમનાથ જિલ્લામાં હિરણ-૨ સહિત પાંચ ડેમો ઓવરફ્લો થઈ રહ્યા છે સૌરાષ્ટ્રની જીવાદોરી સમા ડેમો ભારે વરસાદના લીધે ઓવરફ્લો થતા નદીઓમાં નીર વહેતા થયા છે. ધરતી પુત્રોમાં આનંદ છવાયો છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# મોટાપાયે વૃક્ષારોપણ અને પુનઃસ્થાપન પ્રયાસોના કારણે ગુજરાતમાં મેન્ગ્રોવ કવર ૧૧૭૫ ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું

- **૭૯૯ ચોરસ કિલોમીટર સાથે રાજ્યનો કચ્છ જિલ્લો મેન્ગ્રોવ કવરમાં અગ્રેસર**
- **૨૭૯૯ ચોરસ કિલોમીટર સાથે રાજ્યનો કચ્છ જિલ્લો મેન્ગ્રોવ કવરમાં અગ્રેસર**



રાજકોટ, તા.૨૭: ગુજરાતે છેલ્લા ૩ દાયકાઓમાં મેન્ગ્રોવ (ચેર) વૃક્ષોના ક્ષેત્રમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જે પર્યાવરણીય સંરક્ષણનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ગુજરાત મેન્ગ્રોવ વૃક્ષોના સંરક્ષણમાં દેશના અગ્રણી રાજ્યોમાંનું એક બન્યું છે. રાષ્ટ્રીય સ્તરે ગુજરાત રાજ્ય મેન્ગ્રોવ વિસ્તારની દ્રષ્ટિએ પશ્ચિમ બંગાળ બાદ બીજા ક્રમે આવે છે. ગુજરાતમાં મેન્ગ્રોવ વૃક્ષોનું ક્ષેત્ર, ૧૯૯૧માં ૩૯૭ ચોરસ કિલોમીટરથી વધીને ૨૦૨૧માં ૧,૧૭૫ ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારના મેન્ગ્રોવના વાવેતર અને સંરક્ષણ માટેના સતત પ્રયાસો ફળ્યા છે, જે પર્યાવરણીય સંરક્ષણ માટે રાજ્યને એક મોડલ તરીકે પ્રદર્શિત કરે છે.

મેન્ગ્રોવ કવરમાં વધારો કરવાથી ધોવાણ અને ભારે હવામાનની ઘટનાઓ સામે દરિયાકાંઠાની સ્થિતિસ્થાપકતા પણ મજબૂત બને છે. જે રાજ્યના દરિયાકાંઠાના સમુદાયો અને ઈકોસિસ્ટમ માટે ટકાઉ ભવિષ્ય સુનિશ્ચિત કરે છે. મેન્ગ્રોવ વૃક્ષોની મહત્વપૂર્ણ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૨૨-૨૩ દરમિયાન મેન્ગ્રોવ વૃક્ષોના વાવેતરનું વ્યાપક અભિયાન હાથ ધર્યું હતું. ગુજરાતનું મેન્ગ્રોવ કવર વ્યૂહાત્મક રીતે રાજ્યના ચાર મુખ્ય વિસ્તારોમાં વહેંચાયેલું છે. રાજ્યનો કચ્છ જિલ્લો ૭૯૯ ચોરસ કિલોમીટર મેન્ગ્રોવ કવર સાથે અગ્રેસર છે, જે રાજ્યના મેન્ગ્રોવ કવરનો મોટાભાગનો હિસ્સો ધરાવે છે. ગુજરાતના વાર્ષિક વાવેતરના પ્રયાસો વર્ષ ૨૦૧૬-૧૭માં ૯,૦૮૦ હેક્ટર સુધી વિસ્તર્યા હતા. ૪,૯૨૦ હેક્ટર વિસ્તારમાં નવા વાવેતરો સાથે, કચ્છના અખાતમાં સૌથી વધુ વાવેતર થયું હતું. વિવિધ વિસ્તારોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સતત ધોરણે વૃક્ષારોપણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યમાં ૬૯૩૦ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રોવનું વાવેતર કરવામાં આવ્યું હતું અને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૨,૦૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં મેન્ગ્રોવનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# બે સિસ્ટમ સક્રિય થતાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

- **રાજ્યના ૯૦ ટકા ભાગમાં ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી, આગામી ચાર દિવસ ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે**



અમદાવાદ, તા. ૨૭: હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૭ દિવસ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતમાં હાલ બે સિસ્ટમ સક્રિય છે. એને લઈને રાજ્યના ૯૦ ટકા ભાગમાં ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. એમાં દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા અને નગર-હેવલીમાં અતિભારે વરસાદ સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તેમજ મધ્ય ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ જ્યારે દક્ષિણ ગુજરાતમાં ડાંગ, તાપી અને સૌરાષ્ટ્રમાં ભાવનગર, અમરેલી, અને ગીર સોમનાથમાં ભારેથી અતિભારે વરસાદ સાથે ઑરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર તેમજ મધ્ય ગુજરાતમાં ખેડા, આણંદ, અમદાવાદ, ગાંધીનગર અને સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, જૂનાગઢ અને પોરબંદરમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે ૨૭ જુલાઈના ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. જ્યારે ૨૮ અને ૨૯ જુલાઈના ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# સરકારી સ્કૂલોમાં શિક્ષકોની જરૂર તબક્કાવાર ઘટશે, સરકાર ભરતીમાં પણ મોટો કાપ મૂકશે

ગાંધીનગર, તા. ૨૭: ચિંતન આચાર્ય સરકારના શિક્ષણ વિભાગે અચાનક જ્ઞાન સહાયકોની ભરતીની જાહેરાત આપતાં નોકરીવાંચ્છુ યુવાનો રોષે ભરાયા છે. આ વિવાદ વચ્ચે એક નવી માહિતી બહાર આવી છે. જેમાં સરકાર આવનારા દિવસોમાં સરકારી કે ગ્રાન્ટ ઈન એઈડ સ્કૂલોમાં કાયમી શિક્ષકોની ભરતીમાં કાપ મૂકી શકે છે. જો કે તેની અસર થોડાં સમય પહેલાં થયેલી ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી પર થશે નહીં, પરંતુ તે પછી આવતાં સમયમાં સરકાર મોટાપાયે શિક્ષકોની ભરતી માટે ઉત્સાહી નથી. સરકારના સૂત્રો જણાવે છે કે, રાજ્યમાં વસતીનો વૃદ્ધિદર ઓછો થઈ રહ્યો છે અને તેને લઈને નિરૂપિત થતા આંકડા દર્શાવે છે કે આવતાં ૧૫ વર્ષમાં સરકારી કે ગ્રાન્ટ ઈન એઈડ સ્કૂલોમાં શિક્ષકોની જરૂરિયાત નોંધપાત્ર રીતે ઘટી જશે. આ ઉપરાંત લોકો સરકારીને બદલે ખાનગી સ્કૂલો તરફ ઝોક અપનાવતા થયાં છે. આવાં સંજોગોમાં સરકાર કાયમી શિક્ષકોની ભરતી કરીને ૩૫ વર્ષ માટે ફાજલના રૂપે ભારણ વધારવાના મૂડમાં નથી. તેમના પગાર અને નિવૃત્તિ પછીના લાભોને લઈને પણ સરકાર પર નાણાકીય ભારણ પડે છે. હાલ સરકાર ૧૦થી ૧૫ ટકા જ્ઞાન સહાયકો અને બાકીના કાયમી શિક્ષકોની ભરતી કરીને એક બફર જેવી વ્યવસ્થા ઊભી કરે છે.

# શ્રી વી.ડી.કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે વ્યાજ ખોરી નાબુદી ઝુંબેશ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૭: આજ રોજ તારીખ ૨૬ને શુક્રવારે શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે અમરેલી જિલ્લા પોલીસ, સાવરકુંડલા દ્વારા વ્યાજ ખોરી નાબૂદી ઝુંબેશ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ સર્વ ધર્મ સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.સી.રવિયા સાહેબે મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી પ્રાસંગિત ઉદબોધન કર્યું. સાવરકુંડલા ટાઉન પોલીસ વિભાગના પી.એસ.આઈ. શ્રી જી.એમ. જાડેજા સાહેબે ઉપસ્થિત રહી તાજેતરમાં લાગુ પડેલ ત્રણ નવા કાયદાઓની જાણકારી વિદ્યાર્થીઓને આપી. ત્યારબાદ સાવરકુંડલા ટાઉન પોલીસ વિભાગમાંથી પધારેલ શ્રી હર્ષદભાઈ ચોટલીયાએ સાયબર ક્રાઈમ જાગૃતિ, સાયબર ક્રાઈમ ફ્રોડ હેલ્પ લાઈન નંબર, મહિલા અભયમ,મહિલા સુરક્ષા માટે ત્રણ વાત અમારી (પોલીસની) અને ત્રણ વાત તમારી વિશે વિસ્તૃત છણાવટ કરી હતી.

# રાજકોટવાસીઓને મળશે નવી બે ફ્લાઈટનો લાભ

- **રાજકોટથી અમદાવાદ, વડોદરા સ્ટાર એર એરલાઈન્સનું ૫૦ સીટર પ્લેન ઓક્ટોબરથી માર્ચ-૨૦૨૫ સુધી ઉડાન ભરશે**




રાજકોટ, તા. ૨૭: રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર ચોટીલા નજીક હિરાસરમાં સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી વધુ બે ફ્લાઈટ શરૂ કરવા માટે પ્રપોઝલ મૂકવામાં આવી છે, જેમાં સ્ટાર એર એરલાઈન્સ દ્વારા અમદાવાદ અને વડોદરા માટે વિન્ટર શેડ્યુલ માં ફ્લાઈટ શરૂ કરવા માટે મંજૂરી માંગવામાં આવી છે. આગામી ઓક્ટોબર ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધી ૫૦ સીટર એરક્રાફ્ટ ઉડાવવા માટે એરપોર્ટ ઓથોરિટી પાસે પ્રપોઝલ મૂકવામાં આવી છે જેથી રાજકોટ વાસીઓને આગામી સમયમાં નવી બે ફ્લાઈટનો લાભ મળશે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી હાલ ઈન્ડિગો અને એર ઈન્ડિયાની ફ્લાઈટ ઉડાન ભરી રહી છે. જેમાં ઈન્ડિગોની ૯ અને એર ઈન્ડિયાની ૩ ફ્લાઈટ મુંબઈ, દિલ્હી, ગોવા, અમદાવાદ, બેંગલોર અને પુણે તો ૧ ચાર્ટર સુરત સુધી ઉડાન ભરી રહ્યું છે ત્યારે આગામી ઓક્ટોબર ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધી સ્ટાર એર એરલાઈન્સ દ્વારા રાજકોટથી અમદાવાદ અને વડોદરા જવા માટે ફ્લાઈટ શરૂ કરવાની મંજૂરી માંગવામાં આવી છે. જેમા આ ફ્લાઈટ ૧૬.૩૦ વાગ્યે અમદાવાદ થી રાજકોટ પહોંચશે અને આ ફ્લાઈટ ૧૭.૦૦ વાગ્યે રાજકોટથી વડોદરા જવા માટે રવાના થશે, જે ફ્લાઈટ વડોદરાથી રાજકોટ ૧૯.૧૦ વાગ્યે પહોંચશે અને રાજકોટથી ૧૯.૪૦ વાગ્યે આ ફ્લાઈટ અમદાવાદ જવા માટે ઉડાન ભરશે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી હાલ ૧૨ ફ્લાઈટ ઉડાન ભરી રહી છે. તાજેતરમાં જ ઈન્ડિગો દ્વારા હૈદરાબાદની નવી ફ્લાઈટ ૧૬ સપ્ટેમ્બર થી શરૂ કરવા માટે એલાન કર્યું છે.

# કોર્ટ મુદતે ગયેલો કેદી પીધેલી હાલતમાં જેલ પહોંચ્યો: સાથે રહેલા કોન્સ્ટેબલ અને આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ

- **રાજકોટ મધ્યસ્થ જેલના ઈન્ચાર્જ જેલરે હત્યાના ગુનામાં કાચા કામના કેદી અવેશ ઓડિયા અને હેડ ક્વાર્ટરના કોન્સ્ટેબલ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી**



રાજકોટ. તા.૨૬: રાજકોટ મધ્યસ્થ જેલમાં કેદ હત્યાના આરોપી કોર્ટ મુદતે ગયાં બાદ નશાની હાલતમાં પરત ફરતાં કેદી અને તેની સાથે રહેલાં કોન્સ્ટેબલ વિરૂદ્ધ ગુનો દાખલ થયો હતો. બનાવ અંગે પ્ર. નગર પોલીસે તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે રાજકોટ મધ્યસ્થ જેલમાં ઈન્ચાર્જ જેલર વી.કે.પારધીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટ મધ્યસ્થ જેલમાં કેદ અવેશ અયુબ ઓડિયા અને હેડ ક્વાર્ટરમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં પરેશ વાઘેલાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ મધ્યસ્થ જેલમાં ઈન્ચાર્જ જેલર ગ્રુપ-૨ (સુબેદાર) તરીકે ફરજ બજાવે છે.

ગઈકાલે પાંચ વાગ્યે જેલના મેઈન ગેટ ઝડતી અમલદાર હવાલદાર હિતેષભાઈ વાજા દ્વારા જાણ કરેલ કે, પોલીસ હેડ ક્વાર્ટર કોન્સ્ટેબલ પરેશ વાઘેલા જેલના કાચા કામના આરોપી અવેશ ઓડીયાને એડી. સેશન્સ કોર્ટમાં કોર્ટ મુદતે આરોપીને રજુ રખાવી સાંજના ૦૪:૪૦ વાગ્યે પરત આવતા કેદીને જમા લેવામાં આવેલ હતો.

ત્યારબાદ અરોપી કેદીની અંગ ઝડતી કરતા મોઢામાંથી વાસ આવતા જેલના મેડીકલ ઓફીસરને બોલાવી આરોપીને ચકાસણી કરતા આરોપીએ કોઈ કેફી પીણુ પીધેલ હોવાનુ જણાવ્યું હતું. જેથી નશામાં આવેલ કેદી અને તેની સાથેના કોન્સ્ટેબલ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, આરોપી થોરાળા પોલીસ મથકના હત્યાના ગુનામાં કાચા કામના કેદી તરીકે સજા કાપી રહ્યો છે. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈ જે.જી.તેરૈયા અને સ્ટાફે તપાસ હાથ ધરી હતી.



તસવીરઃ આનંદ સોમૈયા

# શાબાશ ટ્રાફિક તંત્રઃ ભાજપ ઉપાધ્યક્ષની ગાડી ડીટેન કરતાં ડીસીપી પૂજા યાદવ

- ભાજપના યુવા મોરચાના ઉપાધ્યક્ષ જ ફુલ કાળા કાચ તેમજ નંબર પ્લેટ વગરની કાર લઈને નીકળી પડ્યા હતાં
- ભાજપના કાર્યકરો અને હોદ્દેદારોએ દ્વારા તંત્ર પર દબાણ લાવવાનો પ્રયત્ન કર્યા



રાજકોટ, તા. ૨૭ઃ રાજકોટ શહેરમાં હાલ ટ્રાફિક બ્રાન્ચ તરફથી ડ્રાઇવ ચાલે છે તે સંદર્ભે કિસાનપરા ચોકમાં તંત્ર દ્વારા કાળા કાંચ નંબર પ્લેટ તથા અન્ય દસ્તાવેજો સંદર્ભે ગાડીઓનું ચેકિંગ ચાલુ હતું ત્યારે જાણે પોલીસ તંત્રની કોઇ બીક ન હોઇ તેમ ભાજપના જ ઉપાધ્યક્ષ ભારતીય જનતા પક્ષ લખેલી એક કાર જેમાં કાળા કાચ પણ હતા અને નંબર પ્લેટ પણ ન હતી તે ધ્યાનમાં આવતા કારને ડીટેઇન કરવા માટે કાર્યવાહી કરવામાં આવી પરંતુ તે દરમિયાન ભાજપના કાર્યકરો અને હોદ્દેદારો દ્વારા તંત્ર પર દબાણ લાવવાનો પ્રયત્ન કર્યો હતો ડીસીપી પૂજા યાદવ કાયદા પર અળગ રહ્યા હતા અને કારને ડીટેઇન કરી હતી. હાજર રહેલા લોકો પોલીસની આ કામગીરીની સરાહના કરતા હતા અને ચર્ચા રહ્યું હતું કે ભાજપના આ લોકોને કોઈ કહેવા વાળું નથી પરંતુ તંત્ર કડક થાય તો કાયદા વિરુદ્ધ કોઈ પણ જઈ શકે નહીં. સત્તાધારી પક્ષ તરીકે ભાજપએ સૌથી પહેલા નિયમોનું પાલન કરવું જોઈએ.

પરંતુ જે રીતે અધિકારીઓ સાથે દલીલ થતી હતી તે મુજબ તેને અને નિયમોને ક્યાં કોઈ લાગે વળગે છે ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા આ ઘટનામાં મીડીયા કર્મી સામે જ ભાજપના યુવા મોરચાના ઉપાધ્યક્ષની ગાડી ડીટેઈન કરવી પડી હતી.

# ૨૬ વર્ષિય પરિણીતા અને નિવૃત પોસ્ટમેન સહિત ચારના હાર્ટએટેકથી મોત

રાજકોટ તા.૨૭ઃ હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આજે વધું ચારના હૃદય થંભી ગયા છે. ૨૬ વર્ષિય પરિણીતાનું તેમજ નિવૃત પોસ્ટમેન સહિત ચારના હાર્ટ એટેકથી મોત નીપજ્યા છે. બનાવની વિગત મુજબ મેઘાબેન અભયભાઈ મકવાણા (ઉ.વ.૨૬, રહે. કૃષ્ણ અમર સોસાયટી પ્લોટ નં-૨૬, મોટાં મવા) તેણી ગઈ કાલ બપોરના બે વાગ્યાની આસપાસ તેણી પોતાના ઘરની અગાસી પર કપડાં સુકાવવા ગયાં હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતાં ઢળી પડ્યા હતા. થોડો સમય બાદ તેણી અગાસી પરથી નીચે ન આવતાં તેનો પતિ અગાસી પર ગયો ત્યારે તેણી બેભાન હાલતમાં પડેલ હતી. જેને તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી.

બીજાં બનાવની વિગત મુજબ હીરજીભાઈ પંચાણભાઈ પરમાર (ઉ.વ.૮૪, રહે. પુરુષાર્થ સોસાયટી શેરી નં-૮, હરિદ્વાર રોડ) તેઓ ગઈ કાલ રાત્રીના બે વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા ત્યારે બેભાન થઈ જતાં તાકીદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા.

# માલવીયાનગર પો.સ્ટે.ના છેલ્લા પાંચ માસથી દારૂના ગુનાના નાસતા-ફરતા આરોપીને સુરેન્દ્રનગર ખાતેથી પકડી પાડતી ઝોન-૨ સ્કોડ ટીમ




રાજકોટ, તા. ૨૭ઃ રાજકોટ શહેરના મહે. પોલીસ કમિશ્નર સા.શ્રી બ્રિજેશકુમાર ઝા સાહેબ તથા મહે.એડીશ્નલ પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા ઝોન-૨ વિભાગના મહે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી જગદિશ બાંગરવા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી રાધિકા ભારાઇ સાહેબ, પશ્ચિમ વિભાગ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.જે.ચૌધરી સાહેબ, દક્ષિણ વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ, ઝોન-૨ વિભાગમાં આવેલા પોલીસ સ્ટેશન વિસ્તારના છેલ્લા ઘણા સમયથી નાસતા-ફરતા અને પોલીસ પકડથી દુર ભાગતા ફરતા, ગુનાના કામે અટક કરવાના બાકી આરોપીઓ કે જે મળી આવતા ન હોય, જેઓને શોધી કાઢવા ઝોન-૨ પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ સ્ટાફના ચુનીંદા કર્મચારીશ્રીઓને સાંકળી લઇને, આવા આરોપીઓને શોધી કાઢવા ઝોન-૨ નાસતા-ફરતા સ્કોડ ની રચના મહે.ના.પો.કમિ.સા.શ્રી, ઝોન-૨ વિભાગ નાઓએ કરેલ હોય. જેના ઇચા. પો.સબ.ઈન્સ. એન.વી.હરીયાણી નાઓ તથા ટીમના સાથી કર્મચારીશ્રીઓ નાસતા ફરતા આરોપીની તપાસમાં બહારના જીલ્લામાં હોય, જે દરમ્યાન સાથેના સ્ટાફ નાઓની સંયુકત રીતે તેમના ખાનગી અને અંગત વિશ્વાસુ બાતમીદારો મારફતે મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે, નાસતો-ફરતો આરોપી : અર્જુનભાઇ બહાદુરભાઇ બજાણિયા, રહે.સોનલ સોસાયટી, મફતીયાપરા, ટી.બી.હોસ્પીટલ પાસે, સુરેન્દ્રનગર વાળો તા.જી. સુરેન્દ્રનગર, વાળાને શોધી કાઢી, મજકુર આરોપીને સુરેન્દ્રનગરથી હસ્તગત કરી, આગળની કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ માલવીયાનગર પો.સ્ટે. ખાતે સોંપેલ છે.

# જુનાગઢની ડો.સુભાષ યુનિવર્સિટીની વાણવી ટીશીતા અને રિયા ઓડેદરા બોટની વિષય પરના આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ઝળહળી





## આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં 'વિષયઃ પ્રોટીન ડિગ્રેડેશનમાં વર્તમાન દ્રશ્યઃએક સમીક્ષા' રજૂ કર્યોઃ પ્રોફેસર મેઘા ચોવટિયા અને ડો.તરલા ચુડાસમા બંને વિદ્યાર્થીનીના માર્ગદર્શક

જૂનાગઢ, તા. ૨૭ઃ જૂનાગઢની પ્રથમ સ્ટેટ પ્રાઈવેટ યુનિવર્સિટી અને બોટનિકલ એડવાન્સ એસોસિએશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે બોટની વિષયના ત્રીદિવસીય આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું ભવ્યતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.તારીખ ૧૭ થી ૧૯ જુલાઈ સુધી Vision 2047 Global Trends in the Role of Plant Sciences for Sustainable Development વિષય પર આયોજિત આ પરીસંવાદમાં ગુજરાત તેમજ ભારતભરના વિવિધ રાજ્યોમાંથી ૨૦૦ થી વધારે શિક્ષકો સંશોધકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાભેર ભાગ લીધો હતો.આ સંવાદમાં સામેલ થનાર સહભાગીઓ માટે દેશ વિદેશના બોટની વિષય નિષ્ણાંતો વ્યાખ્યાન પણ રાખવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રથમ દિવસે રાજ્ય સરકારના સાયન્સ અને ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટની સંસ્થા સાવીલ ટેકનોલોજી અને બિઝનેસ સેન્ટર ડાયરેક્ટર ડો.આનંદ ભાદલકર ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના બીજા દિવસે થાઈલેન્ડ યુનિવર્સિટીના સાયન્સ ફેકલ્ટીના પ્રાધ્યાપક ડો.સોંગતાઘોષએ વિષયને અનુરૂપ વ્યાખ્યાન રજૂ કર્યું હતું. ડો.સુભાષ યુનિવર્સિટીના પ્રોફેસર મેઘા ચોવટિયા અને ડો.તરલા ચુડાસમા વિદ્યાર્થીનીઓના માર્ગદર્શક બન્યા હતા.

## ધારી ગીરના દેવળા ગીર ખાતે સિંહે શિકાર કર્યો



રીમઝીમ વરસતા વરસાદમાં સિંહે ૧ પશુનો શિકાર કર્યો હતો. ગામની બજારમાં સિંહે શિકાર કરીને માણી મીજબાની માણી હતી. ગતરાત્રે સિંહે વરસતા વરસાદમાં શિકાર કર્યાનો વિડીયો થયો સોશીયલ મીડિયામાં વાયરલ. વરસાદી વાતાવરણમાં સિંહો શિકારની શોધમાં ગામમાં ઘૂસે છે.

# ૧૨થી વધુ બીમારીની દવાઓ ફ્રી મળી રહેશે

ગાંધીનગર, તા. ૨૭ઃ રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગ લીસ્ટને રીવાઈઝ કરવામાં આવે છે. આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા ૬૬૫ નવી જીવન રક્ષક દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે. હાલમાં એસેન્સિયલ ડ્રગ લીસ્ટની દવાઓ ૭૧૭થી વધીને ૧૩૮૨ થઈ છે.

નવી ઉમેરાયેલી દવાઓના કારણે કેન્સર, એન્ટી કેન્સર, એન્ટી ઈન્ફેક્શન, હૃદય રોગ, ડાયાબિટીશ, બી.પી. તેમજ કીડનીના રોગથી પીડાતા દર્દીઓને જીવન રક્ષક દવાઓથી ગુણવત્તાયુક્ત દવા અને સારવાર મળી રહેશે. આ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જીવન રક્ષક આરોગ્ય દવાઓના એસેન્સિયલ ડ્રગ લીસ્ટ ૨૦૨૪-૨૫માં નવી ૬૬૫ દવાનો ઉમેરો કર્યો છે.

અગાઉ રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટમાં ૭૧૭ દવાઓ હતી, જે હવે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૩૮૨ થઇ છે. રાજ્યના પ્રત્યેક દર્દીને શ્રેષ્ઠતમ સારવાર અને ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ કરાવવી, એ જ સરકારની પ્રાથમિકતા છે.



# જેતપુરના ગણેશનગરમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ પાયાની સુવિધાઓ જ નથી?



**■ જેતપુરમાં આજે જેતપુર-નવાગઢ નગરપાલિકાની હદમાં આવતા જુનાગઢ રોડ પરના ગણેશ નગર વિસ્તારના લોકો દ્વારા પાલિકા દ્વારા વર્ષોથી પ્રાથમીક સુવિધાઓ ન અપાતા હલ્લાબોલ કર્યો હતો**

જેતપુર, તા. ર૭ઃ જેતપુર શહેરની નગરપાલિકા એ ગ્રેડની ગણવામાં આવે છે પરંતુ આજે પણ છેવાડાના વિસ્તારમાં પાયાની સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. વેરો ઉઘરાવવામાં માહેર પાલિકા પ્રાથમિક સુવિધા આપવામાં ઉણી ઉતરી છે ત્યારે અહીં પારાવાર દુવિધા ભોગવતા લોકોએ રસ્તા, પાણી, સ્ટ્રીટલાઇટ સહિતની સુવિધા આપવા માગણી કરી છે. ઉપરાંત નગરપાલિકા હાય હાય ના નારાપણ લગાવ્યા હતા.

જેતપુર પાલિકાની હદ હેઠળ આવતા જુનાગઢ રોડ રોડ પર આવેલા એસ કુમાર રેસિડેન્સીનો પાછળનો ગણેશ નગર વિસ્તારના રહેવાસીઓ દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો ચોમાસુ હોવાથી પાણી ભરાવાની સમસ્યા છેલ્લા ૫ વર્ષથી સર્જાતી હોવા છતાં એક પણ પ્રકારના રોડની કામગીરી અહીં કરવામાં નથી આવી તેમજ આ વિસ્તારમાં પાયાની સુવિધાઓ જેમ કે પાક રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા નથી તેમજ ડોર ટુ ડોર કચરો લેવાની કામગીરી પણ આ વિસ્તારોમાં કરવામાં આવતી ન હોવાનું પણ જણાવવામાં આવ્યું હતુ તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ એકઠિ થઈ નગરપાલિકાની ઢીલી નીતિઓ સામે વિરોધ નોંધાવ્યો હતો

આશ્ચર્યની વાત એ છે કે આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આ ઉપરોક્ત વિસ્તારોમાં વિકાસના કર્યો થયા જ કેમ નથી. શું પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કઈ નક્કર આયોજન કરવામાં નથી આવ્યું? આવા અનેક સવાલો થતા જોવા મળતા હોય છે.જો કે ગણેશ નગર ના રહેવાસીઓ દ્વારા અગાઉ પણ પાયાની સુવિધાઓ આપવા માટે આવેદનો પાઠવવામાં આવ્યા હતા. પણ સ્થિતિ ‘‘જે સે થે‘‘ મુજબની જોવા મળે છે.

હાલ અત્યારે ચોમાસાનો સમય જેથી ગંદકી થવાના કારણે અનેક રોગોનો સામનો પણ આ વિસ્તારના લોકો કરી રહ્યા છે સાથે નાના બાળકો પણ હાલ દહેશત મચાવેલા ચાંદીપુરમ રોગ નો શિકાર બને તો નવાઈ નહીં કારણકે આ વિસ્તારમાં ચાલવા માટે પણ સારી જગ્યા રહી નથી જ્યાં જુઓ ત્યાં ગંદકી જ ગંદકી જોવા મળે છે અને આ વિસ્તારના લોકો તે પારાવાર નુકસાની ભોગી રહ્યા છે, આ વિસ્તારમાં આક્ષેપો પ્રમાણે મતદાન સમય અને અહીંના સ્થાનિક સુધારાઇ સભ્યો મોટી મોટી વાતો કરી જતા રહ્યા હોય તેવા પણ આક્ષેપો કર્યા હતા.આ વિસ્તારોના લોકો દ્વારા જણાવ્યું હતું કે જો તેમની માંગો પાલિકા તંત્ર દ્વારા પુરી પાડવામાં નહિ આવે તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી.

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૩) પત્રકાર સોસાયટીમાં મકાન કે પ્લોટ જોઈએ છે ૧૦૦ વાર આસપાસ

(૪) વિરાણી ચોક પાસે કલ્યાણ પાર્ક સોસાયટીમાં ૪૫૦ વાર નો પ્લોટ વેચવાનો છે રોડ ટચ દરેક ધંધાને અનુરૂપ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

(૮) સાધુ વાસવાણી રોડ ઉપર ચાલુ ભાડાની આવક વાળી દુકાન વેચવાની છે મેઈન રોડ ઉપર

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

વોટ્સએપ પર

Hi લખીને મોકલો

98983 17826

અને જોડાઇ જાવ અમારી સાથે...

SAPPHIRE
GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111